RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યૂઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 213* Date: 24.05.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## પીએમ મોદી બોસ છે,ઓસ્ટ્રેલિયામાં વડાપ્રધાન મોદીનું સ્વાગત કરીને મને ખૂબ આનંદ થાય છે :ઓસ્ટ્રેલિયાના પીએમ

(એ.આર.એલ),સિડની,તા.૨૩ ભારતના પીએમ નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. ભારતીય મૂળના ૨૦ હજાર લોકોને સંબોધિત કરવાના કાર્યક્રમમાં ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બેનિસે પીએમ મોદીના જોરદાર વખાણ કર્યા હતા. તેમણે કહ્યું- પીએમ મોદી બોસ છે. પીએમ મોદીનું સ્વાગત કરવું એ સૌભાગ્યની વાત છે. તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં વડાપ્રધાન મોદીનું સ્વાગત કરીને મને ખૂબ આનંદ થાય છે. તેમજ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન કહ્યું હતુ કે મારુ વડાપ્રધાન તરીકે મારું પ્રથમ વર્ષ છે, જે હું આજે ઉજવી રહ્યો છું. હું મારા મિત્ર વડા પ્રધાનને છ વખત મળ્યો છું, પરંતુ તેમની સાથે સ્ટેજ પર આ રીતે ઊભા રહેવા સિવાય બીજું કંઈ નથી, અહીં વડા પ્રધાન મોદીને આવકારવાનો આનંદ છે, પરંતુ મારે કહેવું છે કે અહીંની ઉષ્મા અને ઊર્જા આજે કોઈથી ઓછી નથી. તેમણે વધુમાં કહ્યું કે મેં છેલ્લી વખત બ્રુસ સ્પ્રિન્ગસ્ટીનને આ મંચ પર જોયો હતો ત્યારે વડાપ્રધાન મોદીને જે પ્રકારનું આવકાર મળ્યો હતો તેવો ન હતો. વડાપ્રધાન મોદી બોસ છે. જ્યારે હું માર્ચમાં ભારતમાં હતો, ત્યારે તે એક અવિસ્મરણીય ક્ષણોથી ભરેલી સફર હતી, ગુજરાતમાં હોળીની ઉજવણી કરવી, દિલ્હીમાં મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરવી હું જ્યાં પણ ગયો, ત્યાં મને ઓસ્ટ્રેલિયા અને ભારતના લોકો વચ્ચે ઊંડો સંબંધ જોવા મળ્યો. . જો તમારે ભારતને સમજવું હોય તો ટ્રેન અને બસમાં મુસાફરી કરો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઑસ્ટ્રેલિયાના વડા પ્રધાન એન્થોની અલ્બેનિસે સિડની સમુદાયના કાર્યક્રમમાં "લિટલ ઈન્ડિયા" ગેટવેનો શિલાન્યાસ કર્યો. તમને જણાવી દઈએ કે પીએમ મોદીનું સિડનીના ઓલિમ્પિક પાર્ક સ્ટેડિયમમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મોદી-મોદીના નારા લાગ્યા. પીએમ મોદી સ્ટેડિયમમાં આવતા જ ત્યાં હાજર લોકોએ ઉભા થઈને તેમનું સ્વાગત કર્યું હતું. જી-૭ કોન્ફરન્સમાં પોતાની છાપ છોડ્યા બાદ પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. તેમના સ્વાગત માટે અહીં સિડનીમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પીએમ મોદી નવ વર્ષ બાદ ઓસ્ટ્રેલિયા પહોંચ્યા છે. ભારતીય મૂળના લોકો તેમનું સ્વાગત કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. પીએમ મોદીના સ્વાગત માટે આયોજિત કાર્યક્રમમાં હજારો ભારતીયો ભાગ લઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં ઓલિમ્પિક પાર્કમાં ભારતીય સમુદાયના લોકોને સંબોધિત પોતાના સંબોધનની શરૂઆત નમસ્તે ઓસ્ટ્રેલિયાથી કરી હતી. પીએમ મોદીએ સૌપ્રથમ ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અને પૂર્વ વડાપ્રધાન, વિદેશ મંત્રી અને અન્ય નેતાઓનો આભાર માન્યો હતો.પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો અલગ-અલગ સમયગાળામાં ક્યારેક ૩સી, ક્યારેક ૩ડી અને ક્યારેક ૩ઇ રહ્યા છે. જ્યારે એવું કહેવામાં આવતું હતું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩સી (કોમનવેલ્થ, ક્રિકેટ, કરી) પર આધારિત છે. તે પછી એવું કહેવામાં આવ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ૩ડી (લોકશાહી, ડાયસ્પોરા, મિત્રતા) પર આધારિત છે. કેટલાક લોકોએ એમ પણ કહ્યું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેનો સંબંધ ૩ઈ (એનર્જી, ઈકોનોમી, એજ્યુકેશન) પર આધારિત છે. અલગ-અલગ સમયમાં પણ આ સાચું હોઈ શકે છે. પરંતુ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના ઐતિહાસિક સંબંધોની હદ આના કરતા ઘણી મોટી છે. આ સંબંધોનો આધાર પરસ્પર વિશ્વાસ અને પરસ્પર આદર છે. ભારતમાં ક્ષમતાની કમી નથી. ભારતમાં પણ સંસાધનોની કોઈ કમી નથી. પીએમ મોદીએ કહ્યું કે આજે વિશ્વની સૌથી મોટી અને સૌથી યુવા પ્રતિભાની ફેક્ટરી ભારતમાં છે. પીએમએ કહ્યું કે મને જાણીને આનંદ થયો કે તમે બધાએ પણ આઝાદીના અમૃત મહોત્સવની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરી છે. બંને દેશો વચ્ચેના આપણા ક્રિકેટ સંબંધોને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. ક્રિકેટના મેદાન પરની હરીફાઈ જેટલી રસપ્રદ છે, તેટલી જ ઊંડી અમારી મેદાનની બહારની મિત્રતા છે.

## ફાઈનલ યરની પરીક્ષા આપી રહેલા GTUના સ્ટૂડન્ટ્સનું વિદેશ ભણવા જવાનું ગણિત કેમ ખોરવાયું?

અમદાવાદઃ ગુજરાતમાંથી દર વર્ષે હજારો સ્ટૂડન્ટ્સ ભણવા માટે અમેરિકા, કેનેડા કે પછી ઓસ્ટ્રેલિયા સહિતના અનેક દેશોમાં જાય છે. વિદેશ જતાં સ્ટૂડન્ટ્સમાં એન્જિનિયરિંગના સ્ટૂડન્ટ્સ પણ મોટી સંખ્યામાં હોય છે, પરંતુ આ વર્ષે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી એટલે કે GTUના એક્ઝામ શિડ્યૂલમાં ડીલે થતાં તેની સાથે સંકળાયેલી અનેક કોલેજોના સ્ટૂડન્ટ્સના વિદેશ ભણવા જવાના પ્લાનિંગ ખોરવાઈ જાય તેવી શક્યતા છે. વાઈવા એક્ઝામ્સ અને તેના પરિણામ જાહેર કરવામાં મોડું થતાં સ્ટૂડન્ટ્સ મૂંઝવણમાં મૂકાયા છે. કેટલાક સ્ટૂડન્ટ્સને તો વિદેશની યુનિવર્સિટીમાં કન્ડિશન્લ એડમિશન મળી પણ ગયા છે, પરંતુ હવે તેઓ સમયસર ત્યાં ભણવા જઈ શકશે કે નહીં તે એક સવાલ છે.અગાઉ જીટીયુના છેલ્લા વર્ષની પરીક્ષા એપ્રિલ મહિનામાં લેવાઈ જતી હતી, અને પરિણામ મે મહિના સુધીમાં જાહેર થઈ જતું હતું. જોકે, ચાલુ વર્ષે વાઈવા એક્ઝામ્સ ૧૮ મેથી શરૂ થઈ છે, અને ૨૬ મેની આસપાસ પૂરી થવાની છે. એક સ્ટૂડન્ટના જણાવ્યા અનુસાર, પરિણામ જાહેર થવામાં ત્રણ મહિનાનો ગેપ પડી જાય તેવી શક્યતા છે. જેના કારણે ઘણા સ્ટૂડન્ટ્સને વિદેશ જવાના પ્લાનમાં ફેરફાર કરવાની ફરજ પડી શકે છે. જો જૂન મહિનાના અંત સુધીમાં પણ રિઝલ્ટ જાહેર કરવામાં આવે તો અમુક સ્ટૂડન્ટ જુલાઈના અંત સુધીમાં વિદેશ ભણવા જઈ શકશે. જોકે, આ દરમિયાન વિદેશી યુનિવર્સિટીમાં સીટ કન્ફર્મ કરવા અને વિઝા માટે એપ્લાય કરવા ઍમાંથી પ્રોવિઝનલ માર્કશીટ કે ડિગ્રી નહીં મળી શકે.જીટીયુ સાથે સંકળાયેલી વિવિધ એન્જિનિયરિંગ કોલેજના ૨૬ હજાર જેટલા સ્ટૂડન્ટ્સ ફાઈનલ યરની પરીક્ષા આપી રહ્યા છે. જેમાંથી અનેક લોકો આગળનું ભણવા માટે વિદેશ જવાના છે, અને તેના માટે તેમણે પ્રોસેસ શરૂ પણ કરી દીધી છે. પરંતુ રિઝલ્ટ જાહેર થવામાં મોડું થાય તેવી શક્યતા વચ્ચે આ તમામ લોકોને પોતાનું એડમિશન નવેમ્બર કે તેના પછીના મહિના સુધી ડીફર કરવું પડશે. એક તરફ આ મામલે સ્ટૂડન્ટ્સમાં રોષ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ NSUI જેવું વિદ્યાર્થી સંગઠન તેના માટે યુનિવર્સિટીના મિસમેનેજમેન્ટને જવાબદાર ઠેરવી રહ્યું છે. જોકે, GTUના અધિકારીઓ એકેડમિક શિડ્યૂલમાં થયેલા ફેરફાર માટે કોરોનાને જવાબદાર ઠેરવી રહ્યા છે. GTUના એક અધિકારીને ટાંકીને અમદાવાદ મિરરે જણાવ્યું હતું કે AICTEના નિયમ અનુસાર, પરીક્ષા લેતા પહેલા ૯૦ દિવસનું એકેડમિક સેશન પૂરૂં કરવું જરૂરી છે. જેના કારણે વાઈવા એક્ઝામ ૧૮ મેથી શરૂ થઈ હતી. પ્રાઈવેટ યુનિવર્સિટીમાં પણ આ જ કાર્યક્રમ અનુસાર પરીક્ષા લેવાઈ રહી છે.જીટીયુના ઈન-ચાર્જ વાઈસ ચાન્સેલર પંકજરાય પટેલના જણાવ્યા અનુસાર, વિદેશ જવા માગતા સ્ટૂડન્ટ્સને કોઈ તકલીફ ના પડે તેની પૂરી તકેદારી રાખવામાં આવશે. જેના માટે પરીક્ષા પૂરી થયા બાદ બને તેટલું જલ્દી રિઝલ્ટ જાહેર કરી દેવાશે. તેમણે એમ પણ કહ્યું હતું કે યુનિવર્સિટી સ્ટૂડન્ટ્સને પડી રહી તકલીફોને સમજે છે, અને યુનિવર્સિટીની પ્રોસેસને કારણે સ્ટૂડન્ટ્સનું વિદેશ જવાનું શિડ્યૂલ ના બગડે તે માટે તમામ પ્રયાસ કરાશે. આ ઉપરાંત, જેમને પાછલા સેમેસ્ટર્સની કોઈ એટીકેટી પેન્ડિંગ નથી અને જેમનું ફાઈનલ યરનું પર્ફોમન્સ સારૂં છે તેમને જીટીયુની ટાઈમલાઈનને કારણે કોઈ ઈશ્યૂ ફેસ નહીં કરવો પડે.

## સુરત તામિલનાડુ બેંક કૌભાંડના લોન એજન્ટ પુનિત વ્યાસ ઈકોસેલ દ્વારા પકડાયો, ફરાર નિલેશ નારાગરી, બેંક મેનેજર હજુ પોલીસ થી દુર

તામિલનાડુ બેંક સુરત લોન કૌભાંડના કન્સલ્ટન્ટ પુનિત વ્યાસ આખરે ઈકોસેલ દ્વારા ઝડપાયો..નિલેશ નારાગરી તેમજ બેંક મેનેજર હજુ ફરાર.. સુરત ખાતેની તામિલનાડુ મર્કન્ટાઇલ બેંક્ર જે રિંગ રોડ ટેક્સટાઇલ માર્કેટની વચ્ચે આવેલી છે જેમાં લોન કરાવી આપવાનું સૌથી મોટું કૌભાંડ તેના કન્સલ્ટન્ટ પુનિત વ્યાસ અને નિલેશ નારીગર હતા. જેઓએ બેંક મેનેજર સાથે મળીને લોકોને લોનો અપાવી અને બેંક કૌભાંડ આચર્યું હતું. આ બાબતમાં ઈકો સેલમાં ફરિયાદ પણ થઈ હતી. લોન ના નામે કુલ ૧૬.૫૧ કરોડ નું લોન કૌભાંડ થયું હતું..જેના અંતર્ગત લોન લેનાર લોકો ને ખોટા કાગળો બનાવી મેનેજર પાસે પાસ કરાવી જે તે ખાતા મા લોન જમાં કરાવી આ બંને કન્સલ્ટન્ટો લોન ધારકોના સહી વાળા ચેકો લઈને રકમો ઉપાડી લેતા હતા . જેમણે આ લોન બાબતે કન્સલ્ટન્સી ની કાયદેસર ની ઓફિસ શરૂ કરી બેંકો ના મેનેજર સાથે મળી ને ગોઠવણ પણ કરી હતી..અને અમુક વિસ્તારમાં તો આખે આખી લોન ની રકમ પણ ઉપાડીને તેઓ ફરાર થઈ ગયા હતા અને આ લોન ધારકો માં જે લોકો ગેરંટર બન્યા હતા. જેમના પોતાના પત્નીના જોઈન્ટ ખાતા હતા આ બધાને ઈકો સેલ તરફથી ધરપકડ કરીને કાયદાકીય રીતે મોટાભાગના લોકો ને જામીન પર છોડાયા હતા તો કેટલાક સુપ્રીમ સુધી જઈને જામીન લેવાની પ્રક્રિયા પણ હાથ ધરી હતી.. ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક ના તંત્રી તરીકે આ બાબતે એક લોન ધારક આજે પણ ડી ફોલ્ટર બનતા જેલમાં હોવાથી આ બાબતે બેંક મા તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બેંક લેણું હોવાથી મોર્ગેજ માં મુકેલી મિલકત ની વેચાણ ની ફિરાક માં છે..અને લોન આપેલ મેનેજર તામિલનાડુ માં ભાગી જઈ આગોતરા જામીન પણ મેળવી લીધેલ છે..અને બેંક દ્વારા બીજા મેનેજર ની નિમણુક પણ કરેલ છે તેઓ પણ અમારી તપાસ દરમિયાન રજા ઉપર ઉતરી ગયા હતા.અમો લોન ધારક ના ગેરેન્ટર ને લઈ બેંક મા જતા અરજી આપી જાણ કરી હતી કે બેંક ની લેણી રકમ નું સ્ટેટમેંટ આપો.અમે રકમ ભરવા તૈયાર છીયે અને અમારી મિલકત નું ઑકશન કરશો નહિ..અથવા અમે અમારી મુકેલ મિલકત ના વેચાણ લેનાર પણ તમારી સમક્ષ લાવવા તૈયાર છીએપ.તેમ છતાં બેંક ના સ્ટાફ માંથી NPA સંભાળતા જવાબદાર અધિકારી તરફથી જવાબ મળ્યો હતો કે આ હ્રછ એકાઉન્ટ છે એટલે હેડ ઓફીસ મંજૂરી આવે અમે બેંક લેણી રકમનું સ્ટેટમેન્ટ આપીશુંપઅને પ્રોપર્ટી મોર્ગેજ ઑકસન તો અમો રોકી નહિ શકીએ જે આપને ન્યૂઝ પેપર ઓકેશન ઉપર થી જ જાણવા મળશે તેવા જવાબ પણ મળ્યા હતા. ઉપરાંત ગેરંટરની આ બેંકમાં લીધેલી લોન કોર્ટના ઓર્ડર પ્રમાણે સંપૂર્ણ ચુકતે થઈ ગયા હોવા છતાં પણ તેમને બેંકે એનઓસી આપવાની ના પાડતા જણાવ્યું હતું કે હેડ ઓફિસ તમારી અરજી આપીશું અને ત્યાંથી જે જવાબ મળશે તે પ્રમાણે તમને જવાબ આપીશું. આમ બેંકે પણ તેમના ફ્રોડ મેનેજરને બચાવવાની સંપૂર્ણ કામગીરી કરી છે અને ઈકો સેલ દ્વારા પણ ઘણા લાંબા સમયથી આ તપાસ ચાલતી હતી મોટાભાગના લોકોને છોડી દેવામાં આવ્યા હતા અને સાક્ષીઓ પણ અંદરના અંદરના લોકોને બોલાવીને જવાબો લેવામાં આવ્યા હતા અને પોલીસ ઉપર પણ એવી તરહ તરહની વાત થતી હતી કે આ બંને કન્સલ્ટન્ટો નિલેશ અને પુનિત વરાછામાં આંટા મારે જ છે પણ માસિક ચાર્જિંગ થતું હશે જેના લીધે તેઓ પકડાતા નથી પરંતુ ઈકોસેલે સાબિત કરી બતાવ્યું અને વોચ ગોઠવીને હાલમાં તો પુનિત વ્યાસને પકડી પાડ્યો છે હવે આગળની કાર્યવાહી જોવાની રહી કે આટલા મોટા ફોર્વડ ની અંદર લોન લીધેલા લોકોને પોલીસ દ્વારા કેવી રીતે રક્ષણ મળે છે અને બેંક દ્વારા કેવી રીતે રાહત મળે છે કેમકે બધી જ રકમ લોન લેનારના હાથમાં આવી નથી અને મોટા પ્રમાણમાં આ બંને લોન કન્સલ્ટન્ટ કૌભાંડ કરનાર વ્યક્તિ પૈસા લઈને ફરાર થઈ ગયા હતાપઆ કેસ ની તપાસ ચલાવનાર પોલીસ અધિકારી એ. ડી.દેસાઈ ને પણ તંત્રી તરીકે રૂબરૂ મળી ને કેસ ની હકીકતો જણાઇ હતી અને તેમને પણ કહ્યું હતું કે અમારી વોચ આ લોન અપાવનાર એજન્ટો ઉપર છે અને અમે છટકું ગોઠવી શોધખોળ કરી રહ્યા છીએ..આખરે લોકો ની ધારણા ને ખોટી પાડી ઈકો સેલ દ્વારા લોન કૌભાંડી એજન્ટ પુનિત વ્યાસ ને આખરે પકડી પાડયો છેપહવે પૂર્વ બેંક મેનેજર પણ બીજા કેસ મા આરોપી છે તેને ઈકો સેલ પકડી તામિલનાડુ થી લાવે છે કે બીજા આગોતરા જામીન માં છૂટી જાય તેની રાહ જોવે છે તે જોવાનું રહ્યુંપઆ ૧૬:૫૧ કરોડ ના આખા કૌભાંડ માં લોન લેનારા અને ગેરેન્ટાર લોકો તેમજ પોલીસ વચ્ચે ભગમ ભાગ ની મોટી પ્રક્રિયાઓ થઈ હતી અને લોન લેનારા આજે પણ બહુ મોટી વ્યાજ ખાદ્ય.મૂડી ની ખોટ માં છે તેવું બંને સગા ભાઈઓ લોન લેનાર સાથેની વાતચીત માં જાણવા મળ્યું છેપકોઈ કિસ્સામાં તો ગેરેન્ટર ની ચારેક કરોડ ની પ્રોપર્ટી બેંક દ્વારા બારોબાર પોણા બે કરોડ માં વેચી મારી તેમને જાણ કર્યા વિના તેમનો સામાન સીધો મોકલી આપવામાં આવ્યો છે અને મકાન મા રહેતા એ આજકાલ ભાડે જવાના વારા આવ્યા છે પણ આ બાબતે પણ પોલીસ અને બેંક ની કાર્યવાહી નો ભોગ આવા લોકો પણ બની ને રઝળતા થઈ ગયા છે તેવી જાણવા મળે છે..તામિલ નાડું બેંક ની રીનીનલ ઓફિસ અમદાવાદ પણ આ બાબતે મુલાકાત લેતા જણાવવામાં આવે છે કે આ બાબતે ઈકો સેલ સુરત મળે થી આપને વધુ માહિતી મળશે તેમ કરી બેંક રીનીનલ મેનેજર પણ તેમના બેંક લોન કૌભાંડ બાબતે કશું કહેવા તૈયાર નથીપ.હવે ઈકો સેલ શું પરિણામ લાવે છે તે જોવાનું રહ્યુંપલોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ના મરેપ.સુરત મા અનેક આવા વ્યવસાઈક લોકો એજન્ટ ને મોટી રકમ નું કમિશન આપી લાખો કરોડો ની લોન લઈ વ્યાપાર ધંધા કરતા હોય છે જેમાં માટે ભાગે કાઠિયાવાડી વ્યવસાઈક લોકો આંતર રાજય બેંક મેનેજર અને સ્થાનિક લોન એજન્ટ ની મદદ થી આર્થિક સગવડ કરી મોત પાયે બિલ્ડિંગ ઓફિસ.દુકાનો બનાવી વેચાણ વ્યવસાય સ્ટેજ સંકળાયેલ જોવા મળે છે. જાત તપાસ બાદ ઉપરોક્ત અહેવાલ જન જાગૃતિ ના ભાગ રૂપે કોઈપણ વ્યક્તિગત રાગ દ્વેષ વિના અહી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે..તેમ છતાં કાઈ પણ વાંધા જનક લાગે તો તંત્રી નું ધ્યાન દોરવા થી યોગ્ય કરવામાં આવશે.

### જયંતીભાઈ કેશવભાઈ પરસાણા (પટેલ) પરીવાર દ્વારા તેમની ૩૭ મી લગ્ન વર્ષગાંઠ પર

## ડાકોર મંદિરમાં રણછોડરાયનાં પ્રસાદ લેવાનું વેન્ડીંગ મશીન અર્પણ કરાશે

સૌરાષ્ટ્રનાં જાણીતા લેન્ડ ડેવલોપર્સ સમાજ શ્રેષ્ઠી, સદકાર્યમાં સદા અગ્રેસર ગુજરાત અને સૌરાષ્ટ્રની અનેકવિધ સેવાકીય, સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણીક, ધાર્મિક, જ્ઞાતિ સંસ્થાઓ સાથે તન, મન, ધનથી સંકળાયેલા જયંતિભાઈ કેશવભાઈ પરસાણા (પટેલ) (નમન ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લીમીટેડ અને રીષી ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લીમીટેડનાં સંચાલક) તેમજ શ્રીમતી ભારતીબેન જયંતિભાઈ પરસાણા ની પરસાણા પરીવારમાં આવતાં દરેક શુભપ્રસંગોની સેવામય ઉજવણી કરતાં જયંતિભાઈ કેશવભાઈ પરસાણા, શ્રીમતી ભારતીબેન જયંતીભાઈ પરસાણા તેમજ સુપુત્રો રીષી જયંતિભાઈ પરસાણા, નમન જયંતિભાઈ પરસાણા પરીવાર દ્વારા કરવામાં આવે છે. જયંતીભાઈ પરસાણા તથા ભારતીબેન જયંતીભાઈ પરસાણાની ૩૭ મી લગ્ન વર્ષગાંઠ નિમીતે તા. ૨૫, મે, ગુરૂવારનાં રોજ ગુજરાતનું સુપ્રસિધ્ધ




ડાકોર રણછોડરાયજીનાં મંદિરમાં પ્રસાદ લેવાનું વેન્ડીંગ મશીન પરસાણા પરીવાર દ્વારા અર્પણ કરાશે.

હાલના વર્તમાન સમયમાં ભારતીયો પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરીને જન્મદિવસ, લગ્નપ્રસંગ, લગ્ન વર્ષગાંઠ નિમીતે લાખો રૂપીયા વેડફીને ઉજવણી કરતા હોય છે ત્યારે રાજકોટનાં જયંતીભાઈ કેશવભાઈ પરસાણા પરીવાર વડીલોના સંસ્કારોનું સિંચન કરીને પોતાના પરીવારમાં આવતા દરેક પ્રસંગો જેવા લગ્ન વર્ષગાંઠ, જન્મદિન, લગ્નપ્રસંગ, ધાર્મિક પ્રસંગો વિગેરેમાં સમાજ ઉપયોગી સદકાર્ય કરીને અબોલ જીવો, દર્દીનારાયણ, દરીદ્રનારાયણ વિગેરે જેવા શાસ્ત્રોમાં બતાવેલ ૧૬ પ્રકારનાં દાન કરી અનેકો સદકાર્યો કરતા રહે છે જે આજના સમયમાં સમાજમાં એક નવો રાહ ચિંધે છે અને માનવતાનું એક શ્રેષ્ઠ ઉદાહરણ સમાજને પુરું પાડે છે જે ખરેખર વંદનીય છે. હિન્દુ શાસ્ત્ર પ્રમાણે દેવી ભાગવત, ભાગવત, ગીતાજી, રામાયણ જેવા દરેક ગ્રંથોની અંદર અને આપણા ઋષીમુનીઓના કહેવા અનુસાર ૧૬ પ્રકારના દાનો જે કરવા યોગ્ય છે તે તમામ દાન મનુષ્યોએ પોતાના જીવનને અંદર કરવા જોઈએ જે દાનોમાં સોનું, ચાંદી, પીતળ, કાસા, જસત, સ્ટીલ, બીડ, વસ્ત્ર, કન્યાદાન, અન્નદાન, મેડીકલ, શિક્ષણક્ષેત્રે જેવા તમામ દાનો જયંતીભાઈ પરસાણા (મો.૯૮૨૪૮ ૬૬૩૧૧) દ્વારા છેલ્લા ૪૩ વર્ષો દરમ્યાન યથાશકિત પ્રમાણે પરિપૂર્ણ કરેલ છે.

## ગુજરાતના ગૌરવ એવા પ્રોફેસર પીસી વૈદ્ય જન્મ જયંતીની ઉજવણી વિજ્ઞાન ગુર્જરી દ્વારા કરવામાં આવશે



વિજ્ઞાન ગુર્જરી દ્વારા ગુજરાત ના વૈજ્ઞાનિકો જેમના અમૂલ્ય વિજ્ઞાન ક્ષેત્રે આપેલ યોગદાન ને સમાજ ના દરેક વર્ગ સુધી પોહચે તે હેતુસર વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે. જેના ભાગ રૂપે ૨૩ મે ૧૯૧૮ જૂનાગઢ જિલ્લામાં સામાન્ય બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા પ્રહલાદ વૈદ્ય , આઈન્સ્ટાઈન ના સાપેક્ષવાદ શાસ્ત્ર માં બેનમૂન સંશોધન કર્યુ હતુ. આવા મહાન ગણિતશાસ્ત્રી ની સિદ્ધિઓ આજના સમાજને વર્ણવા , મિનિસ્ટ્રી ઓફ કલ્ચર અફેર અને વિજ્ઞાન ગુર્જરી ના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના મહાન ગણિતશાસ્ત્રી પ્રોફેસર પી સી વૈદ્ય ની ૧૦૫ મી જન્મ જયંતી ઉજવવાના હેતુસર, જૂન મહિના માં સમગ્ર ગુજરાત માં વિવિધ ૫(પાંચ) જેટલા કાર્યક્રમો થશે. જેના ભાગ રૂપે ગુજરાત સરકાર ના કલ્ચર મિનિસ્ટર, માનનીય શ્રી મુળુભાઈ બેરા ના દ્વારા પોસ્ટર નું લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં વિજ્ઞાન ગુર્જરી ના પ્રતિનિધિ પ્રોફ. ચૈતનયા જોશી, ડૉ. પ્રશાંત કુંજડીયા, જિગ્નેશ બોરીસાગર, ડૉ. માધવી જોશી, હિરેન રાજગુરુ ઉપસ્થિત રહિયા હતા. સમગ્ર જૂન મહિના દરમિયાન આઈઆઈટી ગાંધીનગર, રાજકોટ, અમરેલી, સુરત, કચ્છ ખાતે થશે. જેમાં પી સી વૈદ્ય ના યોગદાન તેમજ વૈદિક મેથ્સ વિષે માહિતી શિક્ષકો તથા વિધ્યાર્થીઓ સુધી પોહચે તે માટેના કાર્યક્રમો થશે. આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન જિગ્નેશ બોરીસાગર, ડૉ. પારસ ઉચાટ, પ્રદીપભાઈ જોશી, અતુલભાઈ વ્યાસ, યોગેશભાઈ અને અમિતભાઈ જગતીયા દ્વારા થવા માં જઈ રહ્યું છે.



ભરૂચ જીલ્લાના અંકલેશ્વર ખાતે નીલકંઠ ઓર્ગેનીક્સ પ્રા.લી. યુનિટ-૩ (ફાર્મા ડીવીઝન)નું ઉદ્ઘાટન ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી ના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી હર્ષભાઈ સંઘવી,શ્રી મુકેશભાઈ પટેલ,ભરૂચ જીલ્લાના પ્રમુખશ્રી મારૂતીસિંહ અટોદરીયા તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ઉપસ્થિત રહ્યા હતા.


Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

## તંત્રી સ્થાનેથી...

### જી-૭માં સ્પષ્ટ વાત

જાપાનના હિરોશિમામાં આયોજીત જી-૭ શિખર સંમેલનમાં ભારતીય વડાપ્રધાને પોતાના એ વક્તવ્યથી જે રીતે વિશ્વ સમુદાયનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કર્યું કે યુક્રેનમાં યુદ્ધ દુનિયા માટે એક મોટી ચિંતા છે અને તેણે આખા વિશ્વને પ્રભાવિત કર્યું છે, તેનાથી તેના વધતા કદમની જાણ થાય છે અને તેની પણ કે વિશ્વ સમુદાય ભારતની વાત સાંભળી રહ્યું છે. તેના પહેલાં યુક્રેન મામલે તેમનું એ કથન આંતરરાષ્ટ્રીય સ્તર પર ઘણું ચર્ચિત થયું હતું કે આ યુગ યુદ્ઘનો નથી. ખાસ વાત એ હતી કે તેમણે આ વાત રશિયન રાષ્ટ્રપતિ પુતિનને કહી હતી. હિરોશિમામાં તેમણે યુક્રેન સંકટને લઈને એમ પણ કહ્યું કે હું આને રાજકીય કે આર્થિક વિષય નહીં, પરંતુ માનવતા અને માનવીય મૂલ્યોનો મુદ્દો માનું છું. એ કહેવું મુશ્કેલ છે કે ભારતીય વડાપ્રધાનની આ વાતોની તાત્કાલિક કોઈ અસર પડશે, પરંતુ એટલું તો છે જ કે તેનાથી રશિયા અને યુક્રેન વચ્ચેનો સંઘર્ષ રોકવામાં ઉપયોગિ સાબિત થનારો માહોલ બનાવવામાં આસાની થઈ શકે છે. ખબર નહીં એવી સ્થિતિઓ ક્યાં સુધી બનશે, પરંતુ એ મહત્ત્વપૂર્ણ છે કે વડાપ્રધાને એમ કહીને રશિયાની સાથે ચીનને પણ નિશાના પર લીધું છે કે તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને એકબીજાની સંપ્રભુતા અને અખંડતાનું સન્માન કરવું જોઈએ. કોઈને કોઈ શંકા ન રહે, તેથી તેમણે એ સ્પષ્ટ કરવામાં પણ સંકોચ ન રાખ્યો કે યથાસ્થિતિ બદલવાના એકતરફી પ્રયાસો વિરુદ્ઘ અવાજ ઉઠાવવો પડશે. એવી કોઈ ટિપ્પણી એટલા માટે જરૂરી હતી કે એક તરફ જ્યાં રશિયા યુક્રેનની સંપ્રભુતા અને તેની અખંડતાની અવગણના કરીને યથાસ્થિતિ બદલવાની કોશિશ કરી રહ્યું છે, ત્યાં જ બીજી તરફ ચીન પણ પોતાના પડોશમાં આ જ કામ કરી રહ્યું છે. ચીનની વિસ્તારવાદી હરકતો અને સીમા વિવાદ મામલે તેના અડિયલ વલણની ઝપટમાં ભારત પણ છે. ભારત માટે જેટલું જરરી એ છે કે તે રશિયાને સલાહ આપવામાં સંકોચ ન કરે એટલું જ એ પણ કે ચીનને આઇનો દેખાડવાનો કોઈ અવસર ગુમાવવામાં ન આવે. એ સારી વાત છે કે ભારત આ કામ સતત કરી રહ્યું છે. શાંઘાઇ સહયોગ સંગઠન, ક્વોડ, જી-૨૦ અને જી-૭ મંચો પરથી તેઓ પોતાની વાત કહેવાથી જે રીતે ખચકાતું નથી, તેનાથી એ જ ખબર પડે છે કે આંતરરાષ્ટ્રીય પટલ પર એક નવું ભારત આકાર લઈ રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી આંતરરાષ્ટ્રીય બાબતોમાં ન માત્ર ભારતનું મહત્ત્વ વધી રહ્યું છે, બલ્કે મુખ્ય દેશો તેની સાથે સહયોગ, સંપર્ક અને સંવાદના સિલસિલાને ગતિ આપવામાં લાગ્યા છે. કદાચ આ જ કારણ રહ્યું કે ઓસ્ટ્રેલિયામાં ક્વોડની બેઠક સ્થગિત થઈ ગયા બાદ પણ ભારતીય વડાપ્રધાન ત્યાં જઈ રહ્યા છે. ત્યારબાદ તેમણે અમેરિકા પણ જવાનું છે. આજે જરૂરિયાત માત્ર એ નથી કે ભારત આંતરરાષ્ટ્રીય બાબતોમાં પોતાની સક્રિયતા વધારે, પરંતુ એ પણ છે કે સુરક્ષા પરિષદની સ્થાયી સદસ્યતા માટે પણ પોતાની દાવેદારી આગળ વધારતું રહે.

## ૨ જી ઓક્ટોબર ગુજરાતના નાનકડા પોરબંદરમાં જન્મેલા મોહનદાસ કરમચંદ ગાંધી આજે ૨૩ મે ૨૦૨૩ માં પણ યાદ કરવા પડે છે



જાપાને પલ હાબર પર હુમલો કરતા અમેરિકાને બીજા વિશ્વયુદ્ધમાં સામેલ થવું પડ્યું હતું જાપાને ફિલિપાઈન્સમાં હજારો અમેરીકન સેનિકોને બંદી બનાવીને અમાનુષી અત્યાચાર ગુજાર્યા હતા ૧૯૪૫ માં રશિયન સેનાએ બર્લિનનો કબજો લીધો અને હિટલરે આત્મહત્યા કરી લીધી એ સાથે જ યુદ્ધનો અંત આવી જવો જોઈતો હતો પણ જાપાને બિનશરતી શરણાગતિ સ્વીકારવાનો ઈનકાર કરતા અમેરિકાએ હીરોશીમાં પર અણુબોંબ ફેંકી વિનાશ વેર્યો હતો. આજે આપણા ભારતવાસીઓ માટે ગર્વ અને અભિમાન લેવા જેવી વાત છે કે એ જ વિનાશની ભુમી હીરોશીમાં અમેરિકાએ તબાહી મચાવી હતી ત્યાં જ જાપાનના યજમાનપદ હેઠળ જી ૭ સમીટમાં તબાહી મચાવનાર તબાહીનો ભોગ બનનારાં તમામ બાપુની પ્રતિમાના અનાવરણ સમયે એક સાથે બાપુ સામે નતમસ્તક હતા.વિશ્વઈતિહાસની સૌથી વિનાશક તબાહીના સ્થળે સત્ય અને અહિંસાના પૂજારીની પ્રતિમાનું અનાવરણ ખુબ જ મોટી ઘટના છે

આજે જ્યારે વિશ્વ આખું યુદ્ધ હિંસા આતંક નફરતની આગમાં સળગી રહ્યું છેતેનાથી મુક્ત થવું હોય તો બાપુના રસ્તે ચાલવા સીવાય વિશ્વનો છુટકો નથી. આપણા માટે અફસોસ અને દુઃખની વાત છે કે દેશ કરતા વિદેશમાં બાપુને વધારે માનસન્માન મળી રહ્યા છે .ગાંધીબાપુના સત્ય કરુણા અહિંસાના સિધ્ધાંતોનો અમલ કરી રહ્યા છે અને આપણે આજે ક્યાં ઊભા છે? વિચારો.

વિશ્વના તખ્તા પર અનેક નેતાઓએ એક યા બીજી રીતે ખુબ મહત્વની ભુમિકા ભજવી છે પણ ગાંધીજીને મળ્યું છે એ સન્માન અન્ય કોઈ નેતાને પ્રાપ્ત થયું નથી. ગાંધીજી વિદેશમાં પણ ઘણી બધી જગ્યા પર ગાંધીજીની પ્રતિમાં સ્મારકો રોડ રસ્તાઓ આજે પણ મોજુદ છે. ૨૦૧૭માં ટોકયોના ટેનશોડૉ મંદિરમાં ગાંધીજીની પ્રતિમાં સ્થાપિત કરાઈ હતી મંદિર જેવા પવિત્ર સ્થળમાં ગાંધીબાપુને સ્થાપીને જાપાને બાપુને ઈશ્વર સમકક્ષ અને સન્માન આપ્યું છે જાપાનમાં બાપુનું આ ત્રીજું સ્મારક છે. ગાંધીજી અજાત શત્રુ હતા બાપુએ અંગ્રેજો સામે આંદોલન કર્યું જે બ્રિટિશ સલતનતના પાયા ,ભારતમાંથી ઉખાડી નાખ્યા હતા તે બ્રિટિશ સલતનતે પણ બાપુને અભૂતપૂર્વ સન્માન આપ્યું છે લંડન ના બર્મિગહામ પેલેસ પાલામેન્ટ સ્કવેર પર ૨૦૧૫ માં બાપુની ભવ્ય અને વિશાળ પ્રતિમાનું લોકાર્પણ કરાયુ હતું. ઈંગ્લેન્ડના લેસ્ટર અને લંડન સહિત અનેક શહેરોના માર્ગને મહાત્મા ગાંધીનું નામ અપાયું છે. આખા વિશ્વમા બધા દેશોને જોડતા યુનાઇટેડ નેશન્સના ન્યૂયોક સ્થિત હેડક્વાર્ટરમાં પણ વૈશ્વિક સ્તરે ભાઈચારાનો સંદેશ આપનારા બાપુ મંદ મંદ સ્મિત કરતા ઊભા છે. સૌથી નવાઈની વાત એ છે કે માફિયા રાજ માટે કુખ્યાત મેક્સિકોએ પણ બાપુની અહિંસા પ્રેમ સત્ય અને કરુણાની વિચારધારાને સમર્થન આપ્યું છે ૨૦૦૦માં મેક્સિકો સીટીમાં ચેપ્યુલતેપેક પાર્કમાં બાપુની પ્રતિમાં ખુલ્લી મુકાઈ હતી ૨૦૦૯ માં આર્જેનિટના બ્યુનોસ શહેરમાં પણ બાપુની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું દર વરસે લાખો પ્રવાસીઓ આ જગ્યા પર આવે છે અમેરિકાના ન્યૂયોકના યુનિયન સ્કવેર અને એટલાન્ટાની માર્ટિન લ્યુથર જુનિયર સાઈટ પર પણ બાપુ મોજુદ છે કેલિફોર્નિયાના દેવિસ નગરમાં પણ ગાંધી માર્ગ છે. વિશ્વના લગભગ મોટા ભાગના દેશોની રાજધાનીમાં ગાંધી સ્મારકો અને રસ્તાઓ છે. ગુયાનાના પાટનગર જ્યોર્જ ટાઉન માં બાપુની પ્રતિમા છે. મોરેશિયસના પાટનગર પોર્ટ લુઈસમાં પણ બાપુની કાસ્ય પ્રતિમા છે પ્રોટુગલની રાજધાની લીસબનમાં મુખ્ય રસ્તાનું નામ ગાંધીજીના નામ પર છે. દક્ષિણ આફ્રિકામાં તો ઠેરઠેર ગાંધીજીની સ્મૃતિઓ આજે પણ જીવંત છે પીટર મેરિતઝબર્ગ સહિત અનેક શહેરો ગાંધીજીની પ્રતિમાઓથી શોભાયમાન છે.

જોહનીસબર્ગ તો એક જાહેર ચોકનું નામ ૧૯૯૩ મહાત્મા ગાંધી ચોક નામાંકરણ કરવામાં આવ્યું હતું ડરબનમાં બાપુના દક્ષિણ આફ્રિકાના કાર્યકાલને દર્શાવતું ભવ્ય મ્યુઝીયમ લાખો લોકો માટે પ્રેરણાધામ છે. ઓસ્ટ્રેલિયાના બ્રિસબેનમાં રોમાં સ્ટ્રીટ પાર્કલેન્ડ તેમજ ઓસ્ટ્રેલિયન કેપિટલ ટેરિટરીમાં ગાંધી સ્મારકો છે કેનેડામાં ત્રણ જગ્યા પર ગાંધીજીની પ્રતિમાઓ છે ઓટાવા વેનકુંવર અને લેવાલ ક્યુબેક શહેરોમાં બાપુની પ્રતિમાઓ છે સૌથી વધુ સન્માનની વાત જર્મનીની છે જર્મનીના લોકો હિટલરની સ્મૃતિ ભૂંસી રહ્યા છે અને ગાંધીજીને ભાવપૂર્વક આદર આપી રહ્યા છે બર્લિનનો એક માર્ગ બાપુને સમર્પિત કરાયો છે હેનોવર ન્યુઝીલેન્ડના વેલીગટન બ્રાઝીલના મહાનગર રિયો દ જેનિરિયો નેધરલેન્ડની રાજધાની એમસ્ટદમમાં ગાંધીજીના સ્મારકો અને પ્રતિમાઓ છે. રશિયા મોસકોની લોમોનોસવ મોસ્કો સ્ટેટ યુનિવર્સિટીમાં પોતડીધારી બાપુની પ્રતિમા બિરાજમાન છે. ફ્રાન્સના સેન્ટ ડેનિસ શહેરના મુખ્ય ચોકનું નામ ગાંધીચોક છે પેરિસના ગાંધી સ્મારક પર વિશ્વભરના પર્યટકો મસ્તક નમાવી ભાવપૂર્વક બાપુને નમન કરે છે. ઇન્ડોનેશિયાની રાજધાની જાકાતા પણ ગાંધી મેમોરિયલ ઈન્ટરનેશનલ સ્કૂલ નામની સ્કૂલ ચાલુ છે ૨૦૧૨ માં ઇસરાઈલમાં પણ કીયરત ગાટ શહેરના રાજમાર્ગને બાપુનું નામ અપાયું છે. ઈટાલીના રોમ શહેરમાં ગાંધીજીના ત્રણ સ્મારકો છે રોમમાં એક ગાંધી ચોક છે ત્યાં બાપુની પૂર્ણ કદની પ્રતિમા છે .મિલાનના સીટી પાર્કને ગાંધી ઉધાન નામ અપાયું છે અહીં પણ બાપુની પ્રતિમાં છે. ગાંધી નામ નહીં એક વિચારધારા છે વિશ્વને સુખી થવું હોય તો ગાંધીમાર્ગે ચાલ્યા સીવાય વિશ્વનો ઉદ્ધાર નથી ગાંધી અજરાઅમર છે વિશ્વના આ મહામાનવને કોટી કોટી વંદન.

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

## મિત્રતા

સમગ્ર માનવજીવન અનેકવિધ સંબંધોનાં તાણાવાણાનું બનેલું છે. માબાપ, ભાઈ-બહેન, કાકા-કાકી, મામા-મામી પતિપત્ની.. આ બધાં ઉપરાંત અનોખો, પ્યારો, સારો એવો એક સંબંધ છે જેને આપણે મિત્ર કહીએ છીએ. ઘણી વખત મર્યાદાવશ કુટુંબમાં પણ અમુક વાત કરી શકાતી નથી અને વાત મનમાંજ રહી જાય છે જે હાનિકારક છે. સાચા પ્રામાણિક મિત્ર સાથે આવી વાત કરી લઈ મનને હળવુંફૂલ બનાવી શકાય છે. મિત્રતાનો નાતો તમામ ઔપચારિકતાથી પર છે. દોસ્તી નિભાવવા સાચા મિત્રો જાનની બાજી લગાવી દે છે. મિત્રતાની ઘણી જોડીઓ જેમકે અકબર-બીરબલ, કૃષ્ણ- સુદામા, અર્જુન-કૃષ્ણ તેમજ સુગ્રીવ-શ્રીરામ જગમાં મશહૂર છે . એક પામર જીવને મિત્રતા ક્યાં સુધી લઈ જાય છે ને એનો ઉદ્ધાર કરે છે એ રામાયણમાં સરસ સમજાવ્યું છે.પોતાનાં જ સગા ભાઈ વાલી દ્વારા તિરસ્કૃત અને ઈર્ષાગ્રસ્ત થયેલો સુગ્રીવ ઋષ્યમુક પર્વત પર ભાગી જાય છે. સાથે તેના સેવક અને મિત્ર એવા શ્રી હનુમાનજી છે . રાવણ દ્વારા અપહૃત સીતાજીની શોધમાં શ્રીરામ પ્રભુ અને લક્ષ્મણજી શબરીના માર્ગદર્શન મુજબ પંપાસરોવર આવે છે.પર્વત પરથી તેમને જોતાં જ સુગ્રીવ હનુમાનજીને કહે છે કે, તેઓ નીચે જઈ બે કોણ છે તેની તપાસ કરે. .પ્રભુને ઓળખ્યા બાદ હનુમાનજી તેમને બંનેને પોતાના ખભે બેસાડી ઉપર સુગ્રીવ પાસે લઈ આવે છે અને સતત ડરીને રહેતા એવા સુગ્રીવની રામને કપિપતિ તરીકે ઓળખાણ કરાવી અગ્નિની સાક્ષીએ બંનેની મિત્રતા કરાવે છે.સુગ્રીવ પાસેથી બધી હકીકત જાણી શ્રીરામ પ્રભુ કહે છે કે તે નિર્ભય થઈ જાય કારણ કે, વાલીને પોતે એક જ બાણથી મારી નાંખશે. એ બ્રહ્મ કે પછી રુદ્રને શરણે જશે તો પણ બચી શકશે નહીં.વિષયી અને શંકાશીલ જીવ હોવાથી સુગ્રીવ ખાતરી કરવા શ્રીરામની એક જ બાણથી તાડનાં સાત વૃક્ષોને વીંધી નાંખવાની પરીક્ષા લે છે જે રામ પ્રભુ કુશળતાથી પાર પાડે છે.મિત્રતા નિભાવવા પ્રભુએ પણ પરીક્ષા આપવી પડે છે.અહીં મિત્ર કેવો ના હોવો જોઈએ એ સમજાવતી ચોપાઈ ખુદ શ્રીરામ મિત્ર અને મિત્રતાની વ્યાખ્યા રૂપે કહે છે .જે ન મિત્ર દુઃખ

હોહિ દુખારી
તિન્હહિ બિલોકત
પાતક ભારી
નિજ દુઃખ ગિરિસમ
રજ કરી જાના
મિત્રક દુઃખ રજ મેરૂ સમાના

અર્થાત જે મિત્રનાં દુઃખે દુઃખી ના થાય, તેનું મોઢું જોવામાં પણ પાપ છે . પોતાના મેરુ પર્વત જેવડાં મોટા દુઃખને રજ સમાન અને મિત્રનાં રજ જેવડાં દુઃખને મેરુ પર્વત સમાન ગણે તેવો મિત્ર હોવો જોઈએ.ખરેખર, સાચો મિત્ર મિત્રતા શબ્દમાં ચાર ચાંદ લગાવી ત્રણ અક્ષરનાં શબ્દને બ્રહ્મા,વિષ્ણુ મહેશ ત્રણેયની અમીદષ્ટિ સમ પૂરવાર કરે છે.મિત્ર માટે એક કહેવત એવી પણ છે કે,મિત્ર ઐસો કીજીયે

ઢાલ સરીખો હોય
દુઃખમેં તો આગે રહે
સુખ મેં પીછે હોય.

અર્થાત્ જેવી રીતે ઢાલ યુદ્ધ સમયે આગળ આવે છે અને યોદ્ધાનાં પ્રાણની રક્ષા કરે છે અને યુદ્ધ પૂરું થતાં પાછળ ચાલી જાય છે તેવી જ રીતે મિત્રએ મિત્રના દુઃખમાં કામ આવે અને સુખમાં અપેક્ષા ના રાખે એવો હોવો જોઈએ -**.રમેશ હાથી- મુંબઈ**

## મળો ગુજરાતના આનંદ કુમારને, ૪ વર્ષથી વગર ફીએ ટ્રેનિંગ આપે છે અને ૩૦૦થી વધુ યુવાનોને રોજગારી માટે તૈયાર કર્યા

વિશ્વ અત્યંત સાહસિક લોકોથી ભરપૂર છે. જે લોકો પાક્કો ઈરાદો રાખે છે તે ક્યારેય નિષ્ફળ કે પાછા પડતા નથી અને આ સાહસિકો જે કાર્ય માટે નિકળે તેમનાં ઈરાદાઓ સંકલ્પથી પૂર્ણ કરે છે. પોલીસ, આર્મી, ડિફેન્સ જેવા સંરક્ષણ ક્ષેત્રમાં તેમજ સ્પોર્ટમાં કરિયર બનાવવા માંગતા હોય તેવા યુવાનોને અમદાવાદના સાહસવીર યુવકે નિઃશુલ્ક ટ્રેનિંગ આપવાનો 'સુપર ૩૦' ફિલ્મથી જાણીતા થયેલા આનંદ કુમારની જેમ સેવાયજ્ઞ શરૂ કર્યો છે. અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા રૂપેશ મકવાણાએ છેલ્લા ૪થી ૫ વર્ષમાં ૩૦૦થી વધુ યુવાનોને નિઃશુલ્ક તાલીમ આપીને સ્પોર્ટ્સ અને સંરક્ષણ ક્ષેત્રમાં રોજગારી માટે તૈયાર કર્યા, તો ૫૦૦થી વધુ યુવાનોને વ્યસનમુક્ત બનાવ્યા છે.

આ અંગે વાત કરતા રૂપેશ મકવાણાએ કહ્યું કે, આજે હું જે કંઇ પણ છું એ ખેલમહાકુંભને કારણે છું ખેલમહાકુંભનો પ્રારંભ ન થયો હોત તો હું મારું ટેલેન્ટ ન દેખાડી શક્યો હોત અને ન હું એથલિટ કોચ બની શક્યો હોત. આજે જે યુવાનો પોલીસ, આર્મી, ડિફેન્સ જેવા સંરક્ષણ ક્ષેત્રમાં તેમજ સ્પોર્ટમાં કરિયર બનાવવા માંગતા હોય તેઓને છેલ્લા ૪-૫ વર્ષથી નિઃશુલ્ક ટ્રેનિંગ આપું છું. સવારે સંરક્ષણ ક્ષેત્રમાં જવા ઇચ્છુક યુવાઓને તેમજ સાંજે સ્પોર્ટમાં કરિયર બનાવવા માંગતા હોય એવા યુવાઓને ટ્રેનિંગ આપું છે. બપોરના સમયમાં સ્લમ વિસ્તારમાં જઇને બાળકોને શિક્ષણ આપું છું. મારું માનવું છે કે, સ્પોર્ટ એક એવું માધ્યમ છે જેનાથી આપણાં એક ડિસિપ્લિન આવે છે અને હારને કેવી રીતે જીતમાં બદલવી એ પણ સ્પોર્ટ્સ આપણને શીખવાડે છે.

યુવાનોને તાલીમ આપવાનો વિચાર કેવી રીતે આવ્યો એ અંગે વાત કરતા રૂપેશે કહ્યું કે, વર્ષ ૨૦૧૫માં મેં પોલીસમાં ભરતીનો પ્રયત્ન કર્યો હતો પણ હાઈટ ઓછી હોવાને કારણે હું નિષ્ફળ રહ્યો હતો. ત્યારબાદ મેં મારા જેવા યુવાનોને નિઃશુલ્ક ટ્રેનિંગ આપવાનું શરૂ કરી દીધું. મને આજે ગર્વ એ વાતનો પણ છે કે મારી નિષ્ફળતાએ આજે ૮૦૦થી વધુ યુવાનોની જિંદગી બદલી છે અને એ જ મારી મોટી સફળતા છે. અત્યાર સુધીમાં મેં ૩૦૦થી વધુ યુવાનોને સ્પોર્ટ્સ અને સંરક્ષણ ક્ષેત્રમાં તાલીમ આપીને તૈયાર કર્યા છે. આ યુવાનોમાંથી ૬૦ જેટલા ઇન્ડિયન આર્મિમાં, ૫૮ જેટલા ગુજરાત પોલીસમાં, ૨ નેવી, ૨ એરફોર્સમાં સેવા આપી રહ્યા છે. આ અંગે વધુ વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, સૌપ્રથમ તો હું ટ્રેનિંગ આપવા યુવાનો અને બાળકોને શોંધવા ગલ્લે-ગલ્લે ઊભો રહેતો હતો અને જે બાળકો-યુવાનો વ્યસન કરતા દેખાય તેમને મળીને સમજાવતો કે આપણા દેશ અને પરિવાર માટે આપણું જીવન ખૂબ મહત્વનું છે. જો તમે દિલથી વ્યસન છોડવા માંગતા હોવ તો મારી સાથે જોડાવો અને ત્યારબાદ આવી રીતે યુવાનો મારી સાથે ટ્રેનિંગમાં જોડાતા ગયા. આમ, મેં અત્યાર સુધી ૫૦૦થી વધુ યુવાનોને વ્યસનમુક્ત પણ બનાવ્યા છે.

મારા પરિવારની વાત કરું તો મારા ઘરમાં માતા-પિતા અને એક ભાઇ છે. પિતા દરજીનું કામ કરે છે અને માતા હાઉસવાઇફ છે, જ્યારે ભાઇ એક વેબ ડેવલોપર છે. આજે મારી પાસે જે કંઇ પણ છે એ હું બાળકો અને યુવાનો પાછળ સેવામાં ખર્ચ કરી દઉં છું. ગરીબ વિસ્તારના બાળકોને ભણાવું છે અને જરૂરિયાતનું વસ્તુઓ અને સુવિધાઓ પૂરી પાડું છું. મારી પાસેથી ટ્રેનિંગ લઇને જે યુવાનો આર્મી અને પોલીસમાં તેમજ અલગ અલગ ક્ષેત્રમાં જોડાયા છે એ બધા મને નાની-મોટી મદદ કરી રહ્યા છે. આ લોકો તરફથી મળતી મદદથી આજે મને પ્રોત્સાહન મળી રહ્યું છે.

દેશના યુવાનો નશામુક્ત થાય, સ્પોટ્ર્સ પ્રત્યે રુચિ વધે અને તણાવમુક્ત રહે એ ઉદ્દેશ્ય સાથે 'યુવા બચાઓ દેશ બચાઓ' અને 'સેવ ધ અર્થ' મિશનને લઈને નીકળેલા રૂપેશ મકવાણાએ ૨૦ મે ૨૦૨૩ના રોજ દિલ્હી ખાતે ૬ હજાર કિમીની દોડ પૂરી કરી છે. આ અંગે વાત કરતા રૂપેશ મકવાણાએ કહ્યું કે, મેં ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૩થી આ દોડની શરૂઆત દિલ્હીના ઇન્ડિયા ગેટથી કરી હતી. ૧૩ રાજ્યમાં દોડીને માત્ર ૮૮ દિવસમાં ૬ હજાર કિમીની દોડ પૂરી કરી છે. આ દોડમાં ૧૩ રાજ્યો જેમ કે, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડું, આંધ્રપ્રદેશ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, યૂપી અને દિલ્હીનો સમાવેશ થાય છે.



ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવા માટે આ દોડ ૯૯ દિવસમાં પૂરી કરવાની હતી, પણ મેં આ દોડ ૮૮ દિવસ ૧ કલાક અને ૨૮ મિનિટમાં આ દોડ પૂરી કરી

### ખેલમહાકુંભથી યુવાનોમાં સ્પોર્ટને લઈને જાગૃતિ આવી - ઋષભ આર્યા

છેલ્લા એક વર્ષથી રૂપેશ મકવાણા સાથે ટ્રેનિંગ લેનાર ઋષભ આર્યાએ કહ્યું કે, હું ગ્રાઉન્ડમાં પ્રેક્ટિસ કરવા આવતો હતો ત્યારે મારો સપંર્ક રૂપેશ સર સાથે થયો હતો. મને એટલી બધી વર્કઆઉટની ટિપ્સ અને તાલીમ આપી જેનાથી હું તમિલનાડુંમાં આયોજીત ૧૦૦ અને ૨૦૦ મીટર લોંગ જમ્પમાં સારું પરફોર્મન્સ આપી શક્યો. આજે ખેલમહાકુંભથી પણ યુવાનોમાં સ્પોર્ટને લઇને જાગૃતિ આવી રહી છે.

### આજે હું જે કંઇ પણ છું એ ખેલમહાકુંભને કારણે છું

રૂપેશ મકવાણાએ કહ્યું કે, આજે હું જે કંઇ પણ છું એ ખેલમહાકુંભને કારણે છું. વર્ષ ૨૦૧૦માં જ્યારે ખેલમહાકુંભની શરૂઆત થઇ ત્યારથી મેં દોડવાની શરૂઆત કરી હતી. પ્રથમ વખત ખેલમહાકુંભમાં હું દોડ્યો ત્યારે વોર્ડમાં પ્રથમ નંબરે આવ્યો, ત્યારબાદ ઝોન, ડિસ્ટ્રિક્ટ અને સ્ટેટમાં પણ હું પ્રથમ નંબરે આવ્યો. ત્યારે મને ખબર પડી કે મારામાં આટલું બંધુ ટેલેન્ટ છે. જો ખેલમહાકુંભ ન આવ્યું હોત તો હું મારું ટેલેન્ટ ન દેખાડી શક્યો હોત. ખેલમહાકુંભને કારણે જ મને મારી અંદરની શક્તિને ઓળખવાનો અવસર મળ્યો.

### શરૂઆતમાં દોડી શકતી નહોતી પણ ટ્રેનિંગ બાદ ૧ કલાક ૧૦ મિનિટ સુધી દોડી શકું છું – જાનકી પટેલ

રૂપેશ મકવાણા પાસેથી ટ્રેનિંગ લેનાર જાનકી પટેલ કહે છે કે, મારે આર્મીમાં જવું છે એટલે હું ગ્રાઉન્ડમાં રનિંગ માટે આવી હતી, ત્યાં મને રૂપેશ સર અન્ય યુવાનોને તાલિમ આપતા જોવા મળ્યા હતા. ત્યારબાદ એમનો સંપર્ક કરીને હું તેમની સાથે ટ્રેનિંગમાં જોડાઇ ગઇ. હું શરૂઆતમાં દોડી શકતી નહોતી, પણ રૂપેશ સરે મને મોટિવેટ કરી અને ખૂબ સારી તાલિમ આપી અને અત્યારે હું ૧ કલાક ૧૦ મિનિટ સુધી દોડી શકું છું. અમારા જેવા યુવાનો માટે આજે ખેલમહાકુંભ એક સારું પ્લેટફોર્મ છે.

### રૂપેશ સરે આપેલી રનિંગની ટિપ્સ મારા કરિયર માટે ઉપયોગી સાબિત થશે - ક્રિષ્ના સોની

ક્રિષ્ના સોની કહે છે, મને સોશિયલ મીડિયાના માધ્યમથી ટ્રેનિંગ વિશે ખબર પડી હતી અને ત્યારબાદ મેં ટ્રેનિંગ લેવા રૂપેશ સરનો સંપર્ક અને અને તેમની સાથે જોડાઇ હતી. મને શરૂઆતથી રનિંગનો શોખ હતો. મને રૂપેશ સર રનિંગમાં ઘણી ટ્રેનિંગ આપી છે. રૂપેશ સરે આપેલી રનિંગની ટિપ્સ મારા આગળના કરિયર માટે ઉપયોગી સાબિત થશે.

### અમને ગર્વ છે કે રૂપેશ અન્ય લોકોને રોજગારની તકો પૂરી પાડી રહ્યો છે - રૂપેશ મકવાણાના પિતા સુરેશભાઈ મકવાણા

રૂપેશ મકવાણાના પિતા સુરેશભાઇ મકવાણાએ કહ્યું કે, રૂપેશને દેશની સેવા કરવાનું મન બનાવી લીધું હતું. અમારા ઘરમાં નાની-મોટી આર્થિક પરિસ્થિતિ આવતી પણ રૂપેશનો ગોલ નક્કી હોવાને કારણે અમે તેને સપોર્ટ કરવાનું ચાલું રાખ્યું આજે અમને ગર્વ છે કે રૂપેશ અન્ય લોકોને રોજગારની તકો પૂરી પાડી રહ્યો છે.

ગ્રિનીશ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ નોંધાવા માટે આ દોડ ૯૯ દિવસમાં પૂરી કરવાની હતી, પણ મેં આ દોડ ૮૮ દિવસ ૧ કલાક અને ૨૮ મિનિટમાં આ દોડ પૂરી કરી છે. મેં ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધણી કરાવી દીધી છે અને હાલમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશનનું કામ ચાલી રહ્યું છે. રૂપેશ મકવાણાએ વધુમાં કહ્યું કે, હું ૪૨-૪૪ ડિગ્રી તાપમાનમાં રનિંગ કરતો હતો, જેના કારણે મોઢાની અને ખભાની આખી સ્કિન બળી ગઇ હતી. રનિંગ કરીને હું જ્યારે મારા રૂમમાં જતો ત્યારે મારું મોઢું આખું બળતું અને આખું મોઢું પોપડી વાળું થઇ ગયું હતું. કોલકત્તામાં દોડ સમયે જોરદાર વરસાદ અને કરા પડ્યા. તેમ છતાંય મેં મારી રનિંગ અટકાવી નહોતી. ઘણી વખત એક દિવસમાં ત્રણેય ઋતુઓ ભેગી થતી હતી. સવારે એકદમ ઠંડી હોય, બપોરે તડકો અને સાંજે વરસાદ પડે. આમ, મેં ત્રણેય ઋતુઓનો સામનો મારી દોડ પૂરી કરી છે. આ દોડ પૂરી કર્યા બાદ રૂપેશ મકવાણા મંગળવારે અમદાવાદ પરત ફર્યા ત્યારે ટ્રેનીગ લેનાર યુવાનો તેમજ પરિવારજનો અને મિત્રોએ ભાવભર્યું સ્વાગત અને સન્માન કર્યું હતું.

**આલેખન – ગોપાલ મહેતા – પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ**

## VTV ન્યૂઝ દ્વારા આયોજિત દ્રોણા એજ્યુકેશન એવોર્ડ (સીઝન -૨) ૨૦૨૩માં શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિ

અમદાવાદ ખાતે VTV ન્યૂઝ દ્વારા દ્રોણા એજ્યુકેશન એવોર્ડ (સીઝન - ૨) ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરના હસ્તે શિક્ષણ ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર સંસ્થાઓ અને મહાનુભાવોને એવોર્ડ એનાયત કરાયા હતા. આ પ્રસંગે કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, આજે શિક્ષણ ક્ષેત્રને લગતા આ દ્રોણા એજ્યુકેશન એવોર્ડ -૨૦૨૩ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને પરિવાર સાથે હોવાનું અનુભવાય છે, કારણ કે શિક્ષણ એ મારો રસનો વિષય છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ ભારતીય શિક્ષણ પ્રણાલીની વાત કરતા જણાવ્યું હતું કે, ભારતીય શિક્ષણ પ્રણાલી વ્યક્તિનિર્માણ, પરિવારનિર્માણ, સમાજનિર્માણ, અને રાષ્ટ્રનિર્માણ માટે ઉત્તમ છે. ભારતીય શિક્ષણ પ્રણાલી વ્યક્તિને શિક્ષણની સાથે સાથે અન્ય કૌશલનું જ્ઞાન પણ આપે છે અને





આ ભારતીય શિક્ષણ પ્રણાલીને વધુ વેગ આપવાનું કાર્ય આપ શિક્ષકો, આચાર્યો શિક્ષણને લગતી સંસ્થાચાલકો કરી રહ્યા છો, જેનો ખૂબ જ ગર્વ અનુભવાય છે. તેઓ નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ની વાત કરતા જણાવ્યું હતું કે, કે આપણે સૌ આઝાદીના અમૃત મહોત્સવમાં નવી શિક્ષણનીતિનું અમલીકરણ કરી રહ્યા છીએ, એવામાં આપ સૌ આચાર્યો, શિક્ષણવિદો, વિદ્યાર્થીઓ પોતાનો સહયોગ આપે અને આ શિક્ષણનીતિ થકી આવનારી પેઢીનો વિકાસ થાય તે માટે પ્રયત્નશીલ રહીએ, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ ટ્રિલિયન ડૉલર ઈકોનોમીના લક્ષ્યને પ્રાપ્ત કરવાની જે કલ્પના કરી છે, તેને પરિપૂર્ણ કરવા માટે શિક્ષકોએ સૌથી વધુ ફાળો આપવો જોઈએ. કારણ કે શિક્ષકો જ વિદ્યાર્થીઓને શિક્ષણ (વિદ્યા) આપી દેશસેવા માટે તૈયાર કરતા હોય છે, જેથી વધુમાં વધુ શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ કાર્યમાં જોડાય અને ભારતના વિકાસમાં ભાગીદારી નોંધાવે, તેમ તેમણે જણાવ્યું હતું. અંતે તેઓએ એવોર્ડથી સન્માનિત વિવિધ શિક્ષણ સંસ્થાના મહાનુભાવોને અભિનંદન પાઠવ્યા હતા અને VTV ન્યૂઝની ટીમને પણ આ કાર્યક્રમ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં સમભાવ ગ્રૂપના ડાયરેક્ટર શ્રી જગદીશભાઈ પાવરા, સમભાવ ગ્રૂપના CEO નીરજભાઈ અત્રી, VTV ચેનલ હેડ શ્રી હેમંત ગોલાણી, વિવિધ શિક્ષણ સંસ્થાના મહાનુભાવો, વિજેતાઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## 'વનધન વિકાસ યોજના'માં ફાળાના નામે ગુજરાતના ગરીબ આદિવાસી પાસે થી ૩ કરોડ ૪૮ લાખ ખેરવી લીધા

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તાને સંબોધતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ કેન્દ્ર સરકારની વનધન વિકાસ યોજનામાં આદિવાસીઓ જોડે થતાં અન્યાયના વિરુદ્ધમાં સરકારની નિંદા કરી. વનધન યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં ૧૧૬ ક્લસ્ટર, ૩૪,૮૦૦ જેટલા આદિવાસીઓ જોડાયેલા છે. આદિવાસી ભાઈઓ બહેનો જંગલમાં થી મધ,મહુડાના ફૂલો, આમલી, ગુંદર, ચિરોંજી, ગૂગળ જેવી જંગલ પેદાશોને ભેગી કરી ટ્રાઈફેડને વેચે છે, ટ્રાઈફેડ ગૌણ જંગલ પેદાશને મલ્ટીનેશનલ કંપનીને વેચે છે. મલ્ટીનેશનલ કંપની જંગલ પેદાશનું બ્રાંડિંગ કરી મોટી રકમ રળે છે. જ્યારે ગુજરાતના ગરીબ આદિવાસીને નજીવી કિંમત ચૂકવાય છે. રાજ્યસભાના આંકડા પ્રમાણે ગુજરાત રાજ્યના આદિવાસીઓ પાસે થી ૮૭૪.૪૫ લાખની જંગલ પેદાશ ખરીદવામાં આવી. જેને દરેક આદિવાસીમાં વહેંચવામાં આવે તો પ્રત્યેક આદિવાસીને વાર્ષિક ૨૫૧૨ રૂ મળે છે, જે પ્રતિ દિવસ માત્ર ૬.૮૦ રૂપિયા થાય છે. આ યોજના હેઠળ સરકાર ૧૭.૪૦ કરોડ રૂપિયા ફાળવે છે, તો આ કરોડો રૂપિયા જાય છે ક્યાં?

આદિવાસી ભાઈઓ અને બહેનોના શુભચિંતક બનવાની વાત કરતી સરકારએ ગરીબ આદિવાસીઓ પાસે થી આ યોજનાના ફાળા ના નામે ૩.૪૮ કરોડ ખેરવી લીધા છે. પ્રત્યેક ગરીબ આદિવાસી દીઠ ૧૦૦૦ રૂપિયા વનધન વિકાસ યોજનામાં ભાગીદારીના નામે ઉઘરાવ્યા. ગરીબ આદિવાસીઓ ભાઈઓ બહેનો પેટે પાટા બાંધીને ગુજરાન ચલાવતા હોય, ત્યાં ગરીબ આદિવાસીઓ જોડે હજાર રૂપિયા કેટલું યોગ્ય? વનધન વિકાસ યોજનામાં વિકાસ કોનો થાય છે અને ધન કોને મળે છે? સરકારની ગ્રાન્ટ ૧૭.૪૦ કરોડને સીધા આદિવાસીઓના ખાતામાં નાખી દે ને તોય તે રકમ ૫૦૦૦ થાય છે, તો આ યોજનામાં કરોડોનું ધન ક્યાં જાય છે? વનધન વિકાસ યોજના હેઠળ ગુજરાતમાં ૧૧૬ ક્લસ્ટર, દરેક ક્લસ્ટર દીઠ ૩૦૦ આદિવાસીઓનો સમાવેશ થાય છે, જેમાં ક્લસ્ટર દીઠ ૧૫ લાખની ગ્રાન્ટ મળે છે. તો શું આ કરોડોના ખર્ચે , ગરીબ આદિવાસીને લાભ થાય છે ખરો? ગરીબ આદિવાસીઓની મેહનતએ મલ્ટીનેશનલ કંપનીઓ મોટો નફો અને ફાયદો કરી રહી છે. સરકાર આ યોજના હેઠળ આદિવાસીઓને ફાયદો અપાવે છે કે ખાનગી કંપનીઓને તે સવાલ ઊભો થાય છે.

NEWS OF GANDHINAGAR_P-2

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG NO : 0059
વિષય: તરવરાટ
પ્રકાર: ગદ્ય- લેખ.
શીર્ષક: 'જાદુઈ શબ્દ'..
શબ્દો: ૩૩૦.
શ્ર?જયકાન્ત ઘેલાણી - 'પ્યારે'.
સબૂર ..!,
તરવરાટ

શબ્દ વિશે લખતા પહેલા મારે- તમારે અને દરેકે પાંચ અક્ષરના નાજુક પણ શકિતશાળી શબ્દ તરવરાટ ની તાકાત ગ્રહણ કરવીજ રહેશે. તરવરાટ શબ્દ ના પાંચે અક્ષર પોતાના પાયાના ગૂણ ને સાર્થક કરતા નાચતા જણાય છે. દરેક અક્ષરના નૃત્ય સ્પંદનો અલગ !

કોઈપણ પરિવાર માં બાળક જન્મે એટલે સમગ્ર પરિવારજનો થી લઈ, શૂભેરછક પરિવારજનો સૂધીની દરેક વ્યકિત ની ઈચ્છા બાળક હસતું રમતુ અને તરવરાટ ભર્યુ બની રહે.

તે સમયે બાળકના જન્મની વધાઈ આપવા આવનાર દરેક સ્વજનો બાળકને જોતા તેનાં મૂખ ઉપરનો તરવરાટ જોઈ, મા થી લઈ મામાના પરિવાર, કાકા થી લઈ દાદા-દાદી , તેમજ માસી થી લઈ નાના નાની પરિવાર જનો ના અલગ અલગ નામો ઉચ્ચારી સરખામણી કરતાં, ઊણા ઉતરતા નથી.

બાળક કેવુ થસે અને કોના જેવુ થસે તે અગેના ગણીતના સરવાળા- ગુણાકાર ની મનઘડત ગણત્રી ચાલતી જ રહેછે !

આજ છે તરવરાટનો જાદૂ !

માનવ જીવન મા તરવરાટ એ જીવન નુ ઉતમ જમા પાસુછે, જે કોઈને વારસાગત મળેછે તો કોઈ તેને કેળવીને હાંસલ કરેછે. જેમ,હાસ્ય જીવન નું લૂણછે, પ્યારે'તરવરાટ જીવનનુ અંગછે.

જે વ્યકતિ તરવરાટ ભરેલી હોય તે જીવનમાં દરેક ક્ષેત્રે પોતાનૉ હાથ અજમાવતી રહેછે અને આખરે એક ક્ષેત્રમા તો તેનો ડંકો ગૂજતોજ રહેછે.

આજના યુવાવર્ગ ને પણ શરમાવે તેવા, તરવરાટ થી છલો છલ ભરેલા,આપણા વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી તો આપણા ભારતદેશ સાથે પોતાનુ નામ રોશન કરીજ રહ્યાછે ને !

અપના ભારત દેશ મહાન .

આઠ દિવસના જન્મેલા બાળકનો તરવરાટ કોઈ કોઈ વખત એંસી વર્ષના દાદા દાદી થી પણ ચડિયાતો જોવા મળી શકેછે.

વાહરે , તરવરાટ વાહ !
પ્યારે,'તારી કલાને,સલામ.
જયકાન્ત ઘેલાણી- 'પ્યારે'

---

NOG S S NO 149
વિષય તરવરાટ
શીર્ષક તરવરાટ
પ્રકાર લેખ
નામ પલ્લવી જોષી. સરિતા, વડોદરા
તરવરાટ

પહેલા તો આપણે એવો વિચાર આવે કે તરવરાટ એટલે શું ? તો આપણી સીધી સાદી ભાષામાં કહું તો કંઈક કરી છૂટવાની, તાલાવેલી, ધગશ, ઉત્સાહ એને તરવરાટ કહેવાય. કોઈ કંઈક કરે ને તો આપણે એમ કહીએ કે આને કેટલો તરવરાટ છે. ઝંપીને હવે બેસતો જ નથી.જ્યારે જુવો ત્યારે બડાઈ જ માર્યા કરે.

હું તો આમ કરી દઉં ને તેમ કરી દઉં,પણ કરે કાંઈ નહીં.આ તો પેલા સામેવાળાને જોઈને મને પણ તરવરાટ ઉપડયો. અમુક માણસોમાં એક પ્રકારની ધગશ હોય છે,ને આ એનો કંઈપણ કરવાનો એક તરવરાટ જ કહેવાય. ઘણી વાર આપણે આપની ગામઠી ભાષામાં કહેતા હોઈએ છીએ કે જવા દો ને અમે અમુકને ત્યાં જઈએને તો એમને ત્યાં વાત જ એવી ચાલતી હોય ને કે હું આમ કરી દઉં ને તેમ કરી દઉં.

ઉધામા તો બહુ મારશે,ને એના દિલમાં એવી તાલાવેલી જાગશે ને એવો તરવરાટ કરશે ને કે વાત જ ના પૂછો.

માણસનું મન ચંચલ છે, જેમ સરિતાનાં નીરમાં વહેવાનો તરવરાટ છે એમ માણસનાં મનમાં પણ અસંખ્ય તરવરાટ ઉદ્ભવે છે.આમ માનવજીવન તરવરાટથી ભરેલું જ હોય છે.બાળક નવુંનવું ચાલવા શીખે ,બોલવા શીખે ત્યારનો તરવરાટ કંઈ જુદો જ હોય છે,જાણે કે કેટલું ચાલી નાખું ને કેટલું બોલી નાખું,આ એક પ્રકારનો એનો તરવરાટ છે.

પલ્લવી જોષી. સરિતા, વડોદરા

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવ રૂ.૪૨૪ અને ચાંદીના ભાવ રૂ.૧,૪૬૬ ગબડ્યા

**કોટન-ખાંડીના વાયદામાં નરમાઈની આગેકૂચ રહી વાયદો રૂ.૫૮ હજારની નીચે બોલાયોઃ ક્રૂડ તેલ, મેન્થા તેલમાં સુધારોઃ નેચરલ ગેસ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧,૬૩૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૦૭૯ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૩૩ કરોડનાં કામકાજ**

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
### નૈમિષ ત્રિવેદી

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૪૩,૫૭૪ સોદાઓમાં કુલ રૂ.૨૭,૭૪૮.૪૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧,૬૩૬.૬૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૬૦૭૯.૦૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૫,૯૩૩ સોદાઓમાં રૂ.૮,૩૯૨.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૦૦૦ અને નીચામાં રૂ.૫૯,૭૩૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૨૪ ઘટી રૂ.૫૯,૮૧૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૩૬ ઘટી રૂ.૪૮,૨૩૦ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૫ ઘટી રૂ.૬,૦૧૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૮ ઘટી રૂ.૫૯,૮૬૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૨,૪૪૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૨,૪૫૪ અને નીચામાં રૂ.૭૧,૧૦૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧,૪૬૬ ઘટી રૂ.૭૧,૨૬૭ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૩૬૨ ઘટી રૂ.૭૧,૪૦૫ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૩૬૩ ઘટી રૂ.૭૧,૪૦૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૫,૧૫૩ સોદાઓમાં રૂ.૧,૫૬૧.૯ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૧૭.૪૫ના ભાવે ખૂલી, રૂ.૯.૪૫ ઘટી રૂ.૭૦૭.૯૫ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૦૭.૨૦ તેમ જ સીસું મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૫ ઘટી રૂ.૧૮૨ના ભાવ થયા હતા. જસત મે કોન્ટ્રેક્ટ રૂ.૪.૩૦ ઘટી રૂ.૨૧૭ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૫૫ ઘટી રૂ.૨૦૭.૫૫ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૫ ઘટી રૂ.૧૮૨.૫૦ જસત-મિની મે વાયદો રૂ.૪.૩૦ ઘટી રૂ.૨૧૭.૧૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૭,૮૩૫ સોદાઓમાં રૂ.૧,૬૫૨.૫૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૦૨૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૪૬ અને નીચામાં રૂ.૫,૯૬૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬ વધી રૂ.૬,૦૩૩ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૨૦ વધી રૂ.૬,૦૩૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૯ના ભાવે ખૂલી, રૂ.૧.૩૦ ઘટી રૂ.૧૯૭.૨૦ અને નેચરલ ગેસ-મિની મે વાયદો ૧.૧ ઘટી ૧૯૭.૪ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૯.૩૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૮૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૫૦૦ અને નીચામાં રૂ.૫૭,૮૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૬૦ ઘટી રૂ.૫૮,૦૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૫૦ વધી રૂ.૯૫૯.૪૦ બોલાયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૨૪૯.૮૯ કરોડનાં ૭,૦૯૩.૪૨૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૧૪૨.૯૬ કરોડનાં ૫૭૬.૧૭૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૬૧.૪૫ કરોડનાં૯,૩૫,૫૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૯૧.૧૨ કરોડનાં ૫,૩૩,૨૧,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૨૨.૧૦ કરોડનાં ૧૦,૭૦૬ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૮.૫૧ કરોડનાં ૨,૧૦૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૮૧૧.૧૫ કરોડનાં ૧૧,૩૮૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૯૦.૧૪ કરોડનાં ૨૨,૩૫૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૮.૪૨ કરોડનાં ૩,૧૬૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૦.૯૧ કરોડનાં ૧૧૨.૬૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૦,૭૦૦.૨૯૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૩૫.૦૨૮ ટન, તાંબાના વાયદાઓમાં ૧૯,૩૪૫.૦૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૪,૪૪૧ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૯૪૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૩૪,૦૭૮ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૦,૫૮,૯૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪,૭૩,૭૭,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૯,૭૨૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૬૩.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩૨.૭૨ કરોડનાં ૪૦૫ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૨૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૬,૧૯૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૦૫ અને નીચામાં ૧૬,૦૯૨ બોલાઈ, ૧૧૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫૭ પોઈન્ટ ઘટી ૧૬,૧૧૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૬૦૭૯.૦૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૭૯૭.૬૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૮૫.૬૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૬૦૫.૨૪ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮૮૯.૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૫૪.૦૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૯.૭૦ અને નીચામાં રૂ.૧૯૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯.૫૦ વધી રૂ.૨૩૪.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩ ખૂલી, ઉપરમાં રૂ.૩ અને નીચામાં રૂ.૦.૬૦ રહી, અંતે રૂ.૧.૫૦ ઘટી રૂ.૧.૨૫ થયો હતો.

સોનું મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૪૮ અને નીચામાં રૂ.૧૧૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨૦ ઘટી રૂ.૧૪૩ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૦ અને નીચામાં રૂ.૧૨૬.૫૦ રહી, અંતે રૂ.૧૯૮ ઘટી રૂ.૧૭૦.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૯૦ના ભાવે ખૂલી, રૂ.૩૧૯ ઘટી રૂ.૮૦૮.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૪૮ના ભાવે ખૂલી, રૂ.૬૩૭ ઘટી રૂ.૧,૬૧૧.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૩૫ વધી રૂ.૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૩૩.૬૦ અને નીચામાં રૂ.૧૯૩.૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦.૧૦ ઘટી રૂ.૨૦૦.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ મે રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૧.૧૫ અને નીચામાં રૂ.૦.૩૫ રહી, અંતે રૂ.૦.૨૦ ઘટી રૂ.૦.૬૫ થયો હતો.

સોનું મે રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭.૫૦ અને નીચામાં રૂ.૨૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૧ વધી રૂ.૫૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની મે રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૩૩૯ અને નીચામાં રૂ.૧૬૦ રહી, અંતે રૂ.૧૬૮ વધી રૂ.૨૮૭.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૮૯ના ભાવે ખૂલી, રૂ.૫૦૯ વધી રૂ.૧,૩૪૬.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૮૪૯ના ભાવે ખૂલી, રૂ.૪૨૦ વધી રૂ.૧,૧૪૫.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૪.૧૧ વધી રૂ.૧૧ થયો હતો.

## જાદુ કી જપ્પી

એની આંખમાં આગના અંગારા,
એની આંખમાં દુખના મિનારા,
એની આંખમાં ઉપેક્ષાના તિખારા,
એણે મારી સામે અપલક જોયું.
એને કોઈ ઐહિક ભૂખ નહી,
એને કોઈ દૈહિક પ્યાસ નહી,
એને કોઈ આધ્યાત્મિક એષણા,
એણે મને આંખથી નાણી જોઈ.
એનો શર્ટ કરચલીવાળો,
એનો પેન્ટ કરચલીવાળો,
એના ચહેરો કરચલીવાળો ,
એણે આશાતુર નજરે મારી સામે જોયું.
એનો રંગ વાદળ જેવો,
એનો દેખાવ પોદળા જેવો,
એ બરછટ ધાન જેવો ખરબચડો,
એની મારી પાસે શી અપેક્ષા હશે?
મારુ નામ લૂના રેયસ,
હું એન્જલ જેવી શુભ્ર,
હું ફલોરેન્સ નાઈટીંગ્લ જેવી,
હું વીસ વરસીય ધવલ બાળા,
હું એને શું ગદરાવી દેવાની?
રંગભેદ,
વયભેદ,
લિંગભેદ,
દેશભેદ.
મને જોઈને આશા જાગી,
મને જોઈને નિરાશા ભાગી,
મને જોઈને અપેક્ષાઓ સળવળી,
જીજીવિષા પુનઃ જીવિત થઈ.
મને જોઈને ધસમસતી વેગે દોડ્યો,
સાગરની માફક રેલાયો,
નદીની માફક વહી રહ્યો,
ભીના લોચનિયે મને ભેટ્યો.
એના સ્પર્શમાં કરંટ હતો,
એના સ્પર્શમાં કન્ટેન્ટ હતું
એના સ્પર્શમાં જીજીવિષાની ચાહ,
મારી જાદુની જપ્પી તેના માટે,
જીવન જીવવાનું સંજીવની બની.
હવે એ હતાશ નહી હોય,
હવે એ નિરાશ નહીતર હોય,
ગમે તેવા પડકારને ભરી પીશે,
સાત સાગરને ભરી પીશે,
પર્વતમાળાનો ભૂકકો બોલાવી દેશે,
એની અંદર એક જ્વાળામુખી જાગી ગયો છે.

-ભરત વૈષ્ણવ

સ્પેનના મેડ્રીડ ખાતે રેડ ક્રોસ વોલેન્ટિયર લૂના કોયલ સ્નેહીના શરણાર્થીને ભેટી તે માનવીય ઘટના પર આધારિત)

# CBI સુધારા(બગાડવા)કરવાના કાયદાનો મુસદ્દા વાંચ્યો ??

આજ સવારથી ડાબી જમણી આંખ ફરકતી હતી. જાણે ટ્રાફિક આઈલેન્ડ પરના પોલ પર લાલ-લીલી-ઓરેન્જ લાઈટ ઝબુકતી ન હોય! બંને આંખ ફરકે તો શુકન કે અપશુકન શું થાય એ જ્યોતિષની લાલ કિતાબમાં પણ લખ્યું નથી. અધૂરામા પૂરું બખડજંતર ચેનલનો સર્વેસર્વા સેવક ગણપત ગાંગડો પેટરનિટી લીવ પર હતો.ગલ્લે જઈને મોળા મૂતર(જીવનમાં શિવામ્બુ ચિકિત્સાઆત્મસાત કરેલા મોરારજી દેસાઈએ મૂતર મોળું હોય એવું કયાં કહ્યું છે???)

તો પછી મોળા મૂતર જેવો રૂઢિપ્રયોગ કયાંથી ઉદ્દભવ્યો હશે એ પણ લઘુશંકા જેવો ગુરૂ પ્રશ્ન છે!!) ચા ઢીંચી. ચામાં કેરોસીન જેવી બદબુ આવતી હતી. ટુંકમા દિવસની ઘણી સારી એવી ખરાબ શરૂઆત થયેલી. " બોસ બરકે છે." તદન ટિપિકલ લહેજામાં ચંદુ ચૌદસે સૂચના આપી.

" મે આઇ કમ ઈન બોસસસ?" ડોર પર નોક કરી બારણું ખોલતાં જ મેં આવો પ્રોફેશનલ પ્લાસ્ટિકિયો પ્રશ્ન પૂછ્યો. સિગારેટને ફિલ્ટર સુધી પીતા પીતા બોસે , "કમ ઈન ગિરધરલાલ " કહ્યું . બખડજંતર ચેનલના બોસ બાબુલાલ બબુચક ચેમ્બરમાં એકમાત્ર ખુરશી સમાંઇ શકે તેટલી સ્પેસ છે.બાકી બધા કાચા કામના કેદી હોય તેમ ખડેપગે રહે છે!! તેની સમક્ષ ઉભેલા માટે બેસવાની જગ્યા નથી. એએમટીએસની બસની જેમ પંખાને ડાંડો માની ઉભા રહેવાનું . સામાવાળો મનોમન ચિડાય. પરંતુ, શું કરી શકે ? બીકોઝ મેન ઇઝ મેન ઓલવેઇઝ સૂત્રને ન્યાયે બોસ રીમેઈન્સ બોસ!! બાબુલાલમાં સૌજન્ય ફટાકડાની જેમ ઠાંસીને ઠાંસીને ભરેલ છે. મને કે રાજુ રદીને કમ્ફર્ટેબલ ઉભા રહેવાની આઝાદી આપે !!!

" બોસ, ઓલ ઇઝ વેલ??" મેં પૂછ્યું.

" નથીંગ વેલ .મિ . ગરબડીયા સીબીઆઇ વિશે તમે શું જાણો છો??" ઈડીના ક્રૂર અધિકારી જેમ બાબુલાલે સવાલનો બોમ્બ ફોડ્યો . બબુચક મગજમાં કયું તોફાન ચાલે છે તેની ક્યાંથી ખબર પડે?? પરંતુ, ગિરધરલાલ ગરબડિયાના વહાણ સાતે દરિયામાં ડૂબશે એ નક્કી છે!! અહીં તો પાપ તારું પ્રકાશ જાડેજા ધરમ તારો સંભાળ રે, તારી બેડલીને બુડવા નહીં દઉં ભજન નેપથ્યે સંભળાતું હતું!!!

" સર, સીબીઆઇ એટલે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્ડિયા. દિલ્હી પોલીસ એસ્ટાબિલિશમેન્ટ એકટ-૧૯૪૭ હેઠળ તેની સ્થાપના થયેલી છે. સીબીઆઇને તપાસ સોંપવા માટે જે તે રાજ્યની સરકારે જાહેરનામું બહાર પાડવું પડે. પછી જસીબીઆઇ તપાસ કરી શકે. સીબીઆઇનો કન્વિશન રેઇટ સંદિગ્ધ છે."

" બસ, બસ, સ્ટોપ ધીસ નોનસ્ટોપ નોનસેન્સ . આઇ નો વેરી વેલ ધેન યુ!!" બાબુલાલ બબુચકે મને ઝાટકી નાંખ્યો.

" સોરી સર. એકસ્ટ્રિમલી સોરી." લે ઓફના જમાનામાં તાબેદાર મૂંછ નીચી કરી દિવસમાં દસ વાર આવું કહી નોકરી બચાવવી પડે.!!!

"લુક. મિં ગરબડીયા. હું તમને હર્ટ કરવા માંગતો ન હતો. આઇ વોઝ એકાસાઇટેડ, હેન્સ આઇ નોંધ વોઝ એનોયડ. સીબીઆઇ એટલે કરેપ્ટ બ્યુરો ઓફ ઇન્ડિયા કહેવાય છે. સુપ્રિમ કોર્ટે તેને તોતા એટલે પઢો પોપટરામ કહેલ છે. સીબીઆઇની મથરાવટી નહીં પણ આખી બોડી રામ તેરી ગંગા મેલીની હીરોઇન મંદાકિની જેવી છે. શાસક પક્ષનું વાજું છે. વિપક્ષોને હેરાન કરવાનું હોરીબલ હથિયાર છે!! " બાબુલાલ બકબક કરતા રહ્યા !

"સર કમ ટુ ધી પોઇન્ટ " મેં નો બકવાસ સીધી વાતનો સૂત્રનો પુનરોચ્ચાર કર્યો.

" મિ. ગરબડીયા સંસદની સ્ટેન્ડીગ કમિટીએ સીબીઆઇ એકટને સુધારવા ભલામણ કરી છે. હોમ મિનિસ્ટ્રીએ તેનો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. આપણે મેળવીને ચેનલ પર પેનલ ડિસેકશન કરવી છે. ગમે તે ભોગે તમારે અને રાજુ રદીએ ડ્રાફ્ટ લઇ આવવાનો છે. રૂપિયાની ચિંતા ન કરશો. થોડા રૂપિયા વેરવા પડે તો વેરજો." હાબુલાલે પૂરું કર્યું.

બાબુલાલને બખોલ જેવડી ચેમ્બરમાં બેસીને સૂચના આપવી છે. અમારે વાઘની બોડમાં હાથ નાંથી ડ્રાફ્ટ કાઢવાનો છે!!

હું અને રાજુ રદી દિલ્હી ગયા. જાકુબીના ધંધા કરી બાબુઓને ફોડી મહામહેનતે ડ્રાફ્ટ મેળવ્યો. રાજા ભગીરથને તો મહાદેવની જટામાં ગંગાવતરણ કપાવવાનું હતું. અમારે તો તેનાથી વધુ ભગીરથતમ કામ પાર પાડવાનું હતું. તો પણ ઈતિહાસે માટીના અક્ષરે નોંધ ન લીધી. હવે અમારે એનસીઆરઇટીનો સંપર્ક કરી અમારી દુર્લભ કામગીરી સાતમા ધોરણના પાઠયપુસ્તકમાં લેવડાવવી પડશે!!!

લો આ રહ્યો લીબીઆઇના કાયદાનો મુસદો!!

સીબીઆઇ સુધારણા કમ એટલે ઓછી અને બગાડા વધુ અધિનિયમ ૨૦૨૩ ( ૨૦૨૩ નો ૪૨૦ મો ) કાયદો કહેવાશે.

અમુક અપવાદો- પરંતુકની જોગવાઈને બાદ કરતાં કાયદામાં ગમે તેટલી જોગવાઇ હોવા છતાં શાસક પક્ષને કાયદો લાગુ પડશે નહી. કાયદામાં શાસકપક્ષના વ્યાખ્યા કરવામાં આવેલ ન હોય તો મજકુર શબ્દને લાગે વળગે છે ત્યાં સુધી જનરલ કલોઝીસ એકટ ૧૮૩૫ ની જોગવાઇ હુબહુ ( અટલે કે ડીટો ટુ ડીટો - ઈન્ટેક લાગુ પડશે.

વિરોધ પક્ષની સરકાર ધારાસભ્યશ્રીઓનો અંતરાત્મા જાગી જવાથી લોભ, લાલચ , ઈડીની રેડ, ઈક્મટેકસના દરોડા, હવાલા વગેરે કારણોથી અને પૂરતો અવેજ આપી ધારાસભ્યોની નિર્દોષ હોર્સ કે ડોક્રી ટ્રેડીંગથી બિનહિસાબી નાણાંથી વફાદારી ખરીદી શાસક પક્ષે બાકાયદા સરકારની રચના કરી હોય તેવા સંજોગોમાં તપાસ એજન્સી ( અહીં હવે એજન્સી શબ્દ વપરાશે )તપાસ કરશે નહીં, ચાલુ તપાસને કોલ્ડ સ્ટોરેજમાં શિફ્ટ કરી શકશે !!

કોઇ ગમે તે કહે ( બંધારણ કે કાયદાનો અમલ સીઝ કરવામાં આવશે!!) વિરોધપક્ષના તમામ નેતા, હોદેદારો, કાર્યક્રરોને જેમ નાઝીઓ યહૂદીને પકડી પકડીને ઠુંસતા હતા કેમ પકડી પકડીને કેસ ઠોકવામાં આવશે!!

કાયદાનું અર્થઘટન નાગપુર બેન્ચ દ્વારા કરવામાં આવશે!!

રાષ્ટ્રપતિના નામે અને હુકમથી.
શાકે કાલિનાહન ૨૩૮૯,
વૈશાખ માસની વદ ત્રીજ,
સ્થળ : નવી દિલ્હી

-ભરત વૈષ્ણવ

## વન વિભાગ એક્શન મોડમાં
## ૧૬ જેટલી દુકાનો તોડી પડાઈ, આવનારા સમયમાં વનરાજી રિસોર્ટનું દબાણ વાળો ભાગ તોડવામાં આવશે



શક્તિ,ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલું છે. અંબાજી આસપાસ વિવિધ ધાર્મિક સ્થળો આવેલાં છે. અંબાજી ખાતે અને આસપાસના વિસ્તારોમાં દબાણ થયેલું જોવા મળી રહ્યું છે ત્યારે વહીવટી તંત્ર અને પોલિસ તંત્ર દ્વારા આજે કોટેશ્વર માર્ગ પર જંગલખાતાની જમીનમાં થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી હાથ કરવામાં આવી હતી. દાંતા તાલુકાના વન વિભાગના ૪ રેન્જ અધિકારીઓ પાલનપુર થી એસીએફ સહીત જિલ્લાનો મોટો પોલિસ કાફલો કોટેશ્વર ખાતે જોડાયો હતો અને ત્યારબાદ દબાણ હટાવવા ની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પાલનપુર થી એસીએફ પણ આવ્યા હતા દાંતા તાલુકાના વન વિભાગના અધિકારીઓ અને પોલીસ નો મોટો કાફલો કોટેશ્વર ખાતે આવી પહોંચ્યો હતો ત્યારબાદ કોટેશ્વર ગામ ખાતેથી કામાક્ષી મંદિરના માર્ગ પર વન વિભાગની જગ્યામા ગેર કાયદેસર બનેલી ૧૬ જેટલી દુકાનો જેસીબી મશીન દ્વારા તોડી પાડવામાં આવી હતી. કેટલાક સ્થળો ઉપર લોકોએ દબાણ ન તોડવા માટે વહીવટી તંત્રને રજૂઆત પણ કરી હતી. આમ કોટેશ્વર ખાતે દબાણ દૂર કરવાની કામગીરી થી દબાણદારો મા ડર જોવા મળ્યો હતો. અંબાજી નજીક પાનસા ગામે વનરાજી રિસોર્ટ બનાવવામાં આવેલ છે આ રિસોર્ટમાં સ્વિમિંગ પૂલ સહિતનો ભાગ વન વિભાગની જગ્યામાં ગેરકાયદેસર બનાવવામાં આવ્યો હોવાની રજૂઆત ભવાનીસિંહ દ્વારા ઉચ્ચકક્ષાએ કરવામાં આવી છે. કોટેશ્વર ખાતે દબાણ હટાવવાની કામગીરી દરમિયાન ભવાનીસિંહ રાઠોડે ફ્રષ્ટક ને રજૂઆત કરી હતી ત્યારે બહેને જણાવ્યુ હતું કે ગેર કાયદેસર હશે તો તોડવામાં આવશે.

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા દસ દિવસીય નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન

રાજ્ય સરકારશ્રીના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ હસ્તકના રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા. ૨૧/૦૫/૨૩ થી તા. ૩૦/૦૫/૨૩ સુધી દસ દિવસીય નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાં કુલ ૧૮ જેટલી જગ્યાએ યોગ શિબિરનું આયોજન કરાયું છે. જેના ભાગરૂપે આજે મકરબાના આદિ શંકરાચાર્ય ગાર્ડન ખાતે દસ દિવસીય ચાલનારી આ યોગ શિબિરનો પ્રારંભ કરાયો હતો. દસ દિવસ સુધી ચાલનારી આ યોગ શિબિરમાં સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન યોગ કોચ અને ટ્રેનર દ્વારા નિઃશુલ્ક ટ્રેનિંગ આપવામાં આવશે. આ પ્રસંગે વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિતભાઇ ઠાકર, જિલ્લા રમતગમત અધિક્ષક શ્રી એસ.આર.રાઠોડ, કોર્પોરેટરશ્રીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.



ગાંધીનગર મહાનગર ભાજપ કરોબારી એસ.ટી.સી ખાતે કાલે મળી ગઈ.

# રેસકોર્સમાં પાંચ દિવસીય ગૌ-ટેક ૨૦૨૩ એક્સપોનો ૨૪મીથી રંગારંગ પ્રારંભ

રાજકોટ,

ગાય આધારિત વિવિધ ઉદ્યોગની વ્યાપક જાણકારી અને માર્ગદર્શન આપતા ગૌ -ટેક ૨૦૨૩ એક્સપોનું રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડનમાં ૨૪થી ૨૮ મે દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. ×કામધેનુ નગરી× નામકરણ કરાયેલા આ એક્સપોમાં દરરોજ સવારના ૯થી સાંજના ૭ સુધી લોકો ગૌ આધારિત વિવિધ પ્રોડક્ટ્સ નિહાળી અને માર્ગદર્શન મેળવી શકશે. આ મેળા માટે ૨ લાખ ૩૦ હજાર સ્કવેર ફુટ જગ્યામાં કુલ ૪ વિશાળ એ.સી.ડૉમ ઉભા કરવામા આવ્યા છે. આ તમામ ડૉમને ભારતીય શાસ્ત્રોમાં ઉલ્લેખિત ગાયોના નામ આપવામાં આવ્યા છે. સુરભી, સુશીલા, સુભદ્રા, બહુલા, કપિલા,નંદિની ડૉમ ઉપરાંત અન્ય સ્થાનોના નામ પણ ગાયોના નામ પરથી રાખવામાં આવ્યા છે.

તા.૨૪ને બુધવારે સવારે ૮:૩૦ કલાકે આ પાંચ દિવસીય ગૌ-ટેક એક્સપોની પ્રારંભિક સફર જિલ્લા પંચાયત ચોકમાંથી શોભાયાત્રા સ્વરૂપે થશે. જિલ્લા પંચાયત ચોકમાંથી શણગારેલા અલગ-અલગ બળદ ગાડાઓમાં સંતો-મહંતો, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, સહિતના મહાનુભાવો બિરાજશે. ગૌશાળાના બેન્ડ-વાજા સાથે ધામધૂમ પૂર્વક આ યાત્રા ગૌ-ટેક એક્સ્પોના સ્થળે પહોંચશે ત્યારે ગૌ-પૂજન અને ગૌ-આરતી સહિતની ધાર્મિક વિધિ સાથે એક્સ્પોને સવારે ૯ કલાકે જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે. જી.સી.સી.આઈ.ના નેજા હેઠળ આયોજિત આ ગૌ-ટેક એક્સ્પોમાં ગૌ-ગાયત્રી યજ્ઞનો વૈદિક મંત્રોચાર સાથે સવારે શુભારંભ થશે. આ ગૌ-ગાયત્રી યજ્ઞ દરરોજ સવારે ૯થી ૧૧ અને બપોરે ૩થી સાંજે ૫ વાગ્યા સુધી પ્રજવલ્લિત રહેશે. મેળાના મુલાકાતીઓ તેનો લાભ લઇ શકશે.

તા.૨૪ને બુધવારે સવારે ૧૦થી ૧૨ દરમ્યાન ગૌ-સંવર્ધન વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નામાંકિત વક્તાઓ પોતાનું પ્રવચન આપશે. જ્યારે આ જ દિવસે બપોર બાદ ૩થી ૫ દરમ્યાન દ્વિતીય સેમિનાર યોજાશે. જેમાં બાયો ફર્ટીલાઈઝર, બાયો પેસ્ટીસાઈડ અને પ્રાકૃતિક કૃષિ વિશે નિષ્ણાતોનું પ્રવચન યોજાશે. ઉક્ત સેમિનારમાં જે-તે વિષયના તજજ્ઞ વક્તાના પ્રવચન બાદ બીજા વક્તા સરકારની વિવિધ યોજનાઓ અંગે જાણકારી અને તે યોજનાનો લાભ મેળવવા સચોટ માર્ગદર્શન આપશે. જ્યારે ત્રીજા વક્તા પ્રોજેક્ટ રિપોર્ટ થકી યાંત્રિકી જાણકારી આપશે. બાદમાં સક્સેસ ગૌ-ઉદ્યોગકારોની ઔધોગિક સફરની ગાથા વર્ણવશે. જેના થકી ભાવિ ઉદ્યોગકારો અને સ્ટાર્ટઅપ કરવા માંગતા યુવાનોને પ્રેરણા, માર્ગદર્શન મળશે.

જેમાં પ્રથમ દિવસે બુધવારે સવારે ૧૦:૦૫ વાગ્યાથી કામધેનુ યુનિ. આણંદના ડૉ. શ્રી પ્રકાશ કોરિંગા કાઉ બ્રિડિંગ વિશે, ૧૦:૪૫ વાગ્યાથી ૧૧:૧૫ સુધી શ્રી જયેન્દ્ર મહેતા (મેનેજીંગ ડિરેક્ટર, અમુલ, આણંદ) ફાઈનાન્સિયલ સ્પોર્ટ સિસ્ટમ વિષયક મંતવ્ય આપશે. ૧૧:૧૫થી ૧૧:૪૫ સુધી ડૉ.પી.આર.પાંડે સક્સેસ સ્ટોરી વર્ણવશે. ત્યારબાદ ૧૧:૪૫થી ૧૨ વાગ્યા સુધી પ્રશ્નો-જવાબનું સેશન યોજાશે. આ સેશનના કોર્ડિનેટર તરીકે સૌરાષ્ટ્ર યુનિ.ના ડૉ. વિશાલ શુક્લા રહેશે. જ્યારે સેકન્ડ કો કોર્ડીનેટર તરીકે શીતલ ત્રિવેદી અને હિના રાદડિયા ભૂમિકા નિભાવશે. સેમિનારનું બીજું સેશન બપોરે ૩:૨૦થી ૪ વાગ્યા સુધી યોજાશે. જેમાં શ્રી દેવરામ પુરોહિત (મેનેજીંગ ડિરેક્ટર, ધેનુપ્રસાદ એગ્રોવેટ પ્રા. લી. બનાસકાંઠા) ગૌમૂત્રથી ફર્ટીલાઈઝર અને બાયોફર્ટીલાઈઝર વિષયક પ્રવચન આપશે. જ્યારે ડૉ. વિશાલ કોઠારી (મેનેજીંગ ડિરેક્ટર, સિમબાયોટિક બાયોલોજીકલ, રાજકોટ) બાયોપેસ્ટીસાઈડ અને બાયોફર્ટીલાઈઝર વિષયક વ્યાખ્યાન આપશે. સાંજે ૪થી ૪:૩૦ દરમ્યાન શ્રી વિપુલ કથીરિયા (આસી.ડાયરેક્ટર ઓફ એગ્રીકલચર ગવર્મેન્ટ ઓફ ગુજરાત) અને શ્રી કે.વી. મોરી (જનરલ મેનેજર, ડિસ્ટ્રીક ઈન્ડસ્ટ્રીઝ સેન્ટર, રાજકોટ) મિનિસ્ટ્રી ઓફ એ.એચ/ એમ.એસ.એમ.ઈ/ સી.એસ.આર હેડ સરકારની આર્થિક સહાય પ્રણાલી વિષયક માહિતી આપશે. જ્યારે ૪:૩૦થી ૫ વાગ્યા દરમ્યાન શ્રી દિનેશ કુંભાણી, વેલજીભાઈ ભુડીયા અને મનોજ સોલંકી સક્સેસ સ્ટોરી વર્ણવશે. સાંજે ૫થી પ્રશ્નોતરી શરૂ થશે. તા. ૨૪ને બુધવારે સાંજે ૫ કલાકે કેન્દ્રીય પશુપાલન અને ડેરી મંત્રી શ્રી પરસોત્તમ રૂપાલાના હસ્તે મેળાનું વિધિવત ઉદ્ઘાટન થશે. આ પ્રસંગે ઈફકોના ચેરમેન અને પૂર્વ કૃષિમંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણી, ગુજરાતના પૂર્વ કૃષિ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળા, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, રાજકોટ શહેર મેયર ડૉ. શ્રી પ્રદીપ ડવ સહિતના રાજકીય અગ્રણીઓ ઉપરાંત પ.પૂ.પરમાત્માનંદ સરસ્વતિ, પ. પૂ. મુક્તાનંદ બાપુ, પ.પૂ. કૃષ્ણમણી મહારાજ પ.પૂ. માધવપ્રિયદાસજી સ્વામી (છારોડી ગુરુકુળ) સહિતના ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવશે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી પુરસોત્તમ રૂપાલા જી.સી.સી.આઈ પોર્ટલનું લોન્ચિંગ કરશે. આ પોર્ટલ થકી ગૌ-આધારિત પ્રોડક્ટના ઉત્પાદનકર્તા, ઉદ્યોગકારો અને આ ઉત્પાદનના ખરીદારો વચ્ચે સંપર્ક સ્થાપિત થશે. આ પોર્ટલ ઉત્પાદકો અને ખરીદારો વચ્ચે એક સાંકળનું કાર્ય કરશે જે આવનારા સમયમાં ગૌ આધારિત ઉત્પાદનોને વિશાળ માર્કેટ પૂરું પાડવામાં નિમિત્ત બનશે. બપોરે ૫ વાગ્યાથી શરૂ થયેલા આ ઉદ્ઘાટન સમારોહમાં મોડી સાંજે સ્વામિનારાયણ ગુરુકુલના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. જેમાં ગૌ-ભક્તિ આધારિત વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવશે. ઉદ્ઘાટન દિવસના કાર્યક્રમોનું સમાપન શ્રી મનસુખભાઇ વસોયાના હાસ્યરસ કાર્યક્રમ દ્વારા થશે.

ગૌ પ્રોડક્ટના ૨૦૦થી વધુ વિવિધ સ્ટોલ, તેમજ સેમિનાર માટે એક ખાસ ડૉમનું નિર્માણ કરવામાં આવ્યુંછે. સ્થાપિત સપ્તમંદિરની મુલાકાતીઓ પ્રદક્ષિણા કરી શકશે. વિવિધ દેશી નસલની સાત ગાયના વાછરડાના દર્શન-પૂજન કરી શકશે. સમગ્ર એક્સ્પોમાં વિવિધ સ્થાનો પર ગાયોની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે જ્યાં મુલાકાતીઓ સેલ્ફી લઈ શકશે. ગૌ-પ્રદર્શનમાં વિવિધ ચાર્ટ મારફત ગૌ- ઉદ્યોગ વિષયક માર્ગદર્શન મેળવી શકાશે. આ ગૌ ટેક -૨૦૨૩ એક્સપોના ડેરીના ધંધાર્થીઓ, દૂધ પાઉડર વેચનાર, ડેરી મશીનરી વિક્રેતા, દૂધ પરીક્ષણની લેબોરેટરી સાધન વિક્રેતા, સાબુ બનાવનાર, કોસ્મેટિકના ઉત્પાદકો, સહકારી સંગઠનો, અર્ક વિતરકો, ગાયના છાણના વિવિધ મૂર્તિ ઉત્પાદકો, ધૂપ બનાવનાર, દવા બનાવનાર, કાષ્ટ બનાવનાર, ગોબર ગેસના પ્લાન્ટ નિર્માતાઓ, રંગ રસાયણ ઉત્પાદકો, જૈવિક ખાતરના ઉત્પાદકો, બાયો ડી.એ.પી ઉત્પાદકો, ખાણદાણ બનાવનાર કંપનીઓ, પંચગવ્યના ઉત્પાદકો, ગર્ભ સંસ્કાર કેન્દ્રો, પ્રાકૃતિક કૃષિના બીજ નિર્માતાઓ, ઓર્ગેનિક ફળ કે શાકના ઉત્પાદકો, ગાયની આનુવંશિક કાર્યશીલ કંપનીઓ, રાજ્ય પશુધન વિકાસ બોર્ડ, એન ડી આર આઈ, એન બી જી એ આર, આઈ વી આર આઈ અનુસંધાન કેન્દ્રો, પશુ ડોક્ટરોની ટીમો, આત્મનિર્ભર ગૌ પાલકો, પાંજરાપોળ માલિકો, ઈકો વિલેજના નિર્માતાઓ, કૌશલ વિકાસ કેન્દ્રો, કાઉ ટુરિઝમ ચલાવનાર સંસ્થાઓ, એન આર આઈ તેમજ સ્વદેશી કંપનીઓ, સહકારી સંસ્થાઓ, જીવદયા કેન્દ્ર ચલાવનાર સંસ્થાઓ, એન જી ઓ, સી એસ આર કંપનીઓ ભાગ લઈ રહી છે. જેમાં ગ્લોબલ પ્લેટફોર્મ ઉપર આત્મનિર્ભર ભારતના મેઈક ઈન ઈન્ડિયાના મોડેલ દ્વારા નવા ઉદ્યોગ સાહસિકો દેશને ગૌ ઉત્પાદનો થકી વિશ્વગુરુ બનવાના માર્ગને પ્રસસ્થિત કરી શકશે.

## સેમિનારોની દિવસવાર સમય સારણી

તારીખ ૨૫ને ગુરુવારે પ્રથમ સેશનમાં સવારે ૧૦:૦૫ થી ૧૦:૪૫ સુધી ડૉ. પરાગ રાજપરા (એસો.પ્રો. ડિપાર્ટમેન્ટ ઓફ મિકેનિકલ એન્જીનીયરીંગ, મારવાડી યુનિ. રાજકોટ) રિન્યુબલ એન્ડ સસ્ટેનેબલ એનર્જી સોર્સીઝ ઓફ ડિફરન્ટ સેકટર વિષયક પ્રવચન આપશે. ત્યારબાદ સવારે ૧૦:૪૫થી ૧૧:૧૫ દરમ્યાન ડૉ. વીરેન્દ્ર વિજય (આઈ.આઈ ટી. દિલ્હી) સરકાર, મિનિસ્ટ્રી અને સી.એસ.આરની ફાઈનાન્સિયલ સ્પોર્ટ સિસ્ટમ વિશે વિસ્તૃત જાણકારી આપશે. જ્યારે ૧૧:૧૫થી ૧૧:૪૫ સુધી સુરેશ ભારતી અને પાંજરાપોળ સુરત સક્સેસ સ્ટોરી વર્ણવશે. જ્યારે ૧૧:૪૫થી ૧૨:૧૫ સુધી પ્રશ્નોતરી અને સમાધાન સ્વરૂપનું કન્કલુઝન આપવામાં આવશે. બપોર બાદ બીજા સેશનમાં બપોરે ૩:૨૦થી ૪ વાગ્યા દરમ્યાન ડૉ. પ્રીથી શ્રીનિવાસ જર્ની ઓફ એમ્પાવરિંગ લાઈવ લિહુડ્સ વર્ણવશે. બપોરે ૪ વાગ્યાથી ૪:૩૦ સુધી ડૉ. લીના ગુપ્તા (એમ.ડી. હેબઈટેડ ઈકોલોજિકલ ટ્રસ્ટ, નેશનલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ સરકારી સહાય વિષયક જાણકારી આપશે. ૪:૩૦થી ૫ દરમ્યાન વિક્રાંત યુનિ. ગ્વાલિયર, સંજય પટેલ, એસ.પી.આર.ઇ. આણંદ અને શ્રીજી ગૌશાળા (રમેશભાઇ ઠક્કર) સક્સેસ સ્ટોરી વર્ણવશે. ત્યારબાદ પ્રશ્નોતરીકાળ રહેશે. તા.૨૬ને શુક્રવારે સવારે ૧૦:૦૫થી ૧૦:૪૫ દરમ્યાન ડૉ. શ્રી ગૌરવ એસ.દવે (આસી. રિસર્ચ સાઈન્ટીસ, બાયો સા. રી.સેન્ટર , એસ.ડી. એગ્રીકલ્ચર યુનિ. સરદાર કૃષિ નગર) કાઉ ડુંગ ડાયનામીક તથા શ્રી દિલીપભાઈ સખીયા (ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ, કાલાવડ) પાણી અને ગાય ગોબર વિષયક સેમિનાર સંબોધશે. ૧૦:૪૫થી ૧૧:૧૫ દરમ્યાન શ્રી રામાવતારસિંગ (ડેવલોપમેન્ટ કમિ. એમ.એસ.એમ.ઇ.) એન્ડ કેન્દ્રીય એમ.એસ.એમ.ઇ. મિનિસ્ટ્રી સરકારી સહાય વિતરણ વ્યવસ્થાની જાણકારી, માર્ગદર્શન આપશે. જ્યારે ૧૧:૧૫થી ૧૧:૪૫ સુધી ડૉ. શ્રી શિવદર્શન મલિક, શ્રી ભીમરાજ શર્મા, શ્રી ધીરજ ભાલાણી, શ્રી દેશમુખ (અક્ષય ફાર્મા) અને શ્રી ભાગ્યશ્રી ભાખરે સક્સેસ સ્ટોરી વર્ણવશે. ૧૧:૪૫થી ૧૨:૧૫ દરમ્યાન પ્રશ્નોતરી સમય અને તેનું સમાધાનનું સેશન રાખવામાં આવ્યું છે. બપોર બાદના સેશનમાં ૩:૨૦થી ૪ કલાક સુધી ડૉ. હિતેશ જાની ( રીટા. પ્રિ. ગુજરાત આયુ યુનિ. જામનગર) ડેરી અને બાયો-ગોલ્ડ વિષયક તથા ડૉ. કે.કે. આહુજા (એસો.પ્રો. ડેરી. ટેકનોલોજી ડિપા. કામધેનુ યુનિ. અમરેલી), ગાયના દૂધ અને પારંપરિક ડેરી પ્રોડક્ટ્સ વિશે જાણકારી આપશે. ૪થી ૪:૩૦ સુધી ફાઇનાન્સિયલ સ્પોર્ટ સિસ્ટમ વિષયક માહિતી તેમજ ૪:૩૦થી ૫:૩૦ દરમ્યાન શ્રી દિલીપ સખીયા (ગીર ગોલ્ડ) અને શ્રી કયુમભાઈ બ્લોચની સક્સેસ સ્ટોરી તેમજ સવાલ-જવાબનું સેશન યોજાશે.તા.૨૭ને શનિવારે સવારે ૧૦:૦૫થી ૧૦:૪૫ સુધી ડૉ. સાબિન કપાસી (ચીફ. એડવાઈઝર, ગ્લોબલ સ્ટ્રેટરજી ટિમ, યુ.એન.ડી.એ.સી), તથા ડૉ. નિખિલ ડાંગર (આસી.પ્રો. વેટરનીટી કોલેજ, જૂનાગઢ) ગૌશાળાના રખરખાવ અને નાણાકીય સ્ત્રોત, ટેકનોલોજીની જાણકારી અને મોર્ડન કાઉ મેનેજમેન્ટ વિશે જાણકારી આપશે. સવારે ૧૦:૪૫થી ૧૧:૧૫ સુધી ડૉ. કે. એમ. ડામોર (જોઈન્ટ ડાયરેક્ટર એનિમલ હસબન્ડરી ગુજરાત સરકાર), સરકારી સહાયની વિગતો આપશે. જ્યારે ૧૧:૧૫થી બપોરે ૧૨ સુધી ડૉ. પ્રશાંત યોગી તથા માધવ સ્વામી સક્સેસ સ્ટોરી વર્ણવશે અને પ્રશ્નોતરીકાળ દરમ્યાન સવાલોનું સરળ સમાધાન મળશે. બપોરે ૩:૨૦થી પ્રારંભ થનારા બીજા સેશનમાં ડૉ. જે.બી. કથીરિયા (આસી.પ્રો. કામધેનુ યુનિ. જૂનાગઢ), એ.પી. હરિ દત્તા વર્મા (ડિરેક્ટર વશિષ્ટ એન્ટરપ્રાઈઝ સોલ્યુશન પ્રા. લી. હૈદરાબાદ), વૃષાલી કુલકર્ણી (હૈદરાબાદ) ૩:૨૦થી ૪ દરમ્યાન એગ્રીકલ્ચર સપ્લાયની ચેઈન સિસ્ટમ વિશે જાણકારી આપશે. બપોરે ૪:૩૦થી ૫:૩૦ સુધી શ્રી ચંદુભાઈ સુરાણીની સક્સેસ સ્ટોરી અને પ્રશ્નોતરીકાળ રહેશે.છેલ્લા દિવસે તા.૨૮ને રવિવારે સવારે ૧૦:૦૫થી ૧૦:૪૫ સુધી ડૉ. કરિશ્મા નરવાણી (ડાયરેક્ટર ઓફ ગર્ભોપનિષદ ફાઉન્ડેશન જામનગર) તથા ડૉ. બી.એસ. રાઠોડ ( આસી. રિસર્ચ સાઈન્ટીસ કામધેનુ યુનિ. દાંતીવાડા) પંચગવ્ય ચિકિત્સા તથા દેશી કાંકરેજી ગાય વિષયક માહિતી આપશે. જ્યારે ૧૦:૪૫થી ૧૧:૧૫ સુધી આનંદભાઈ મહેતા (ટેક.ઓફિસર, હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર ડિપા. ગુજરાત) આયુર્વેદિક દવા વિશે માહિતી આપશે. ૧૧:૧૫થી ૧૨:૧૫ દરમ્યાન રમેશભાઈ રૂપરેલીયા ( ગીર ગૌ જતન ગોંડલ)ની સક્સેસ સ્ટોરી અને પ્રશ્નોતરી યોજાશે.

# અરવલ્લી જિલ્લામાં ICDS શાખાની આંગણવાડી કેન્દ્રોમાં માસના ચોથા મંગળવારે પુર્ણા દિવસની ઉજવણી

માહિતી કચેરી અરવલ્લી,

મે ૨૦૨૨ વિશ્વમાં ૨૮ મે ના રોજ વિશ્વ માસિક દિવસની ઉજવણી કરવામાં આવે છે જે નિમિત્તે પુર્ણા દિવસે ૨૩ મે ૨૦૨૩ના રોજ અરવલ્લી જિલ્લામાં ICDS શાખાની આંગણવાડી કેન્દ્રોમાં માસના ચોથા મંગળવારે પુર્ણા દિવસની પ્રવુત્તિ સાથે માસિક દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં કિશોરીઓ એ હથેળી પર રેડ ડોટ કરાવ્યું જે માસિક દરમિયાન રાખવાની સ્વચ્છતાનું પ્રતિક છે.કિશોરીઓ દ્વારા માસિક ચક્રને દર્શાવતું બ્રેસલેટ બનાવડાવી જેમાં ૫ લાલ રંગના મોતી માસિક ના ૫ દિવસ દર્શાવે છે.આ સિવાય માસિક દરમિયાન રાખવાની સ્વચ્છતા, માસિક વિશેની ગેરમાન્યતાઓ વિશે



માર્ગદર્શન આપવામાં આવ્યુ. કિશોરીઓ અને સગર્ભા માતાઓમાં પૌષ્ટીક આહારને લઈને જાગૃત્તા આવે તે માટે આઈ.સી.ડી.એસ વિભાગ દ્વારા અવનવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. ૧૫થી ૧૮ વર્ષ ની કિશોરીઓ માટે પૂર્ણા યોજના અમલી છે આ યોજના દ્વારા પુરક પોષણ સિવાયની સેવાઓનો પણ સમાવેશ કરાયો છે. પૂર્ણા યોજના અંતર્ગત દર માસનાં ચોથા મંગળવારના રોજ કિશોરીઓને પૂર્ણા શક્તિનાં ચાર પેકેટ આપવામાં આવે છે અને પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવે છે.આંગણવાડી કાર્યકર દ્વારા કિશોરીઓને પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા સબંધિત માર્ગદર્શન આપવામાં આવે છે.

# આઈસીઆઈસીઆઈ બેંકે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફાસ્ટેગ આધારિત પાર્કિંગ પેમેન્ટ સુવિધા શરૂ કરી

અમદાવાદ: આઈસીઆઈસીઆઈ બેંકે આજે જાહેરાત કરી છે કે તેણે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પાર્કિંગ માટે ફાસ્ટેગ આધારિત ચુકવણી સક્ષમ કરી છે. આ સુવિધા કોઈપણ બેંકના ફાસ્ટેગ વપરાશકર્તાઓને પાર્કિંગ ચાર્જ ડિજિટલ રીતે અને કોન્ટેકલેસ પ્રકારે ચૂકવવાની સુવિધા આપે છે, જેના પરિણામે પાર્કિંગ ઝોનમાં વાહનોની અવરજવર ઝડપી બને છે. પાર્કિંગ ઝોનમાં સ્થાપિત સ્કેનર્સ વાહનની વિન્ડસ્ક્રીન પર લગાવેલ ફાસ્ટેગ વાંચે છે, પ્રવેશનો/બહાર નીકળવાનો સમય રેકોર્ડ કરે છે અને પાર્કિંગ ચાર્જ ઓટોમેટિકલી કપાઈ જાય છે. અમદાવાદ એરપોર્ટ પર ફાસ્ટેગ સુવિધા શરૂ કરનાર આઈસીઆઈસીઆઈ બેંક એકમાત્ર બેંક છે. આ ભાગીદારી પર બોલતા, આઈસીઆઈસીઆઈ બેંકના હેડ – ક્રેડિટ કાર્ડ્સ, પેમેન્ટ સોલ્યુશન્સ અને મર્ચન્ટ ઈકોસિસ્ટમ શ્રી સુદીપ્તા રોયે જણાવ્યું હતું કે "અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પાર્કિંગ માટે ફાસ્ટેગ આધારિત પેમેન્ટ રજૂ કરવામાં અમને આનંદ થાય છે. આ સુવિધા વપરાશકર્તાઓના સમયની બચત કરીને અને રોકડ પર નિર્ભરતા ઘટાડીને તેમની સુવિધામાં સુધારો કરશે. ૨૦૧૩માં મુંબઈ-વડોદરા કોરિડોર પર ફાસ્ટેગ લોન્ચ કરનારી અમે દેશની પ્રથમ બેંક બન્યા હતા. ત્યારથી, અમે વિવિધ રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગોના ટોલ પ્લાઝા અને એરપોર્ટ, મોલ્સ, બિઝનેસ હબ અને દેશભરના ટેક પાર્કમાં પાર્કિંગ પર ચૂકવણી માટે ફાસ્ટેગનો ઉપયોગ કરવાની પહેલ કરી છે. વધુમાં, અમે ઈંધણ સ્ટેશનો પર સુવિધા રજૂ કરી છે જેથી વપરાશકર્તાઓ ઈંધણ, ટોલ અને પાર્કિંગ માટે ચૂકવણી માટે એક ટેગનો ઉપયોગ કરવાનો ટ્રિપલ લાભ મેળવી શકે.

## શ્રી કાઠી ક્ષત્રિય સમાજ ગૌરવ, સમગ્ર શિક્ષક સમાજ ગૌરવ મલ્ટીટેલેન્ટેડ પ્રતિભાના ધની શ્રી પ્રવીણભાઈ ખાચરનો આજે જન્મદિવસ



જેની સમાજ સુધારણા,કેળવણી, ઉત્તમ શિક્ષણ આપવા સાથે બાળકો પ્રત્યે અનહદ લાગણી અને અનેક ઈનોવેટિવ પ્રયોગો થકી સકારાત્મક વિચારધારા ધરાવતા ગુજરાતના શ્રેષ્ઠ ઈનોવેટિવ શિક્ષક,આદર્શ વ્યક્તિત્વ, વર્લ્ડ રેકોર્ડ હોલ્ડરથી લઈ નેશનલ કક્ષાએ અને ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે અનેક એવોર્ડથી સન્માનિત તેમજ વ્યસનમુક્તિ અભિયાન સાથે જોડાયેલા, શિક્ષક,લેખક, કવિ, કોલમિષ્ટ, સાહિત્યકાર, કેળવણીકાર, શ્રેષ્ઠ વક્તા, સાથે ૫૦૦++ શ્રેષ્ઠ સ્ટેજ સંચાલનો કરી રાજ્યના શ્રેષ્ઠ એક્કર તરીકે ખૂબ પ્રસિદ્ધ એવા બહુમુખી પ્રતિભા ધરાવતા ભાઈ શ્રી પ્રવીણભાઈ એલ.ખાચરને જન્મદિવસની અઢળક શુભેચ્છાઓ અને શુભકામનાઓ,

**અહેવાલ કનુભાઈ ખાચર**



કચ્છી ગુજરાતણ અભિનેત્રી કોમલ ઠક્કર, સતત બીજા વર્ષે ૭૯ માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ માં ચમકી... રેડ કાર્પેટને ગ્રેસ કરવા માટે તે ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એકમાત્ર પ્રતિનિધિ..

### અરવલ્લી જિલ્લામાં મિશન અમૃત સરોવર અંતર્ગત

# પંચાયત પ્રતિનિધિ અને પંચાયત લેવલ ઓફિસર સાથે અમૃત સરોવર અંગે સેમિનાર યોજવામાં આવ્યો

માહિતી કચેરી અરવલ્લી,

મિશન અમૃત સરોવર અંતર્ગત અરવલ્લી જિલ્લામાં પંચાયત પ્રતિનિધિ અને પંચાયત લેવલ ઓફિસર સાથે અમૃત સરોવર અંગે સેમિનાર યોજવામાં આવેલ અને અમૃત સરોવરના અંગે જાગૃતતા તથા સહભાગિતા વધારવા વિસ્તૃત માહિતી આપેલ. મિશન અમૃત સરોવર દ્વારા વરસાદી પાણીના સંરક્ષણ અને સંચયના ઠરાવને સાકાર કરવા માટે, ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર, નોડલ મંત્રાલય તરીકે કામ કરી રહ્યું છે, વિવિધ મંત્રાલયો સાથે મળીને આ લક્ષ્યને હાંસલ કરવા માટે મિશન મોડમાં કામ કરી રહ્યું છે. લુપ્ત થવાના આરે પહોંચી ગયેલા તળાવોના નવીનીકરણથી લઈને નવા તળાવો બનાવવા સુધીનો વિગતવાર એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.દર વર્ષે ઉનાળો જામે અને તેની કાળઝાળ ગરમીના કારણે પાણીના વિવિધ સ્ત્રોત ખાલી થઇ જતા ગ્રામ્ય વિસ્તારોમાં લોકો પાણીની સમસ્યાથી ઝઝુમતા હોય છે. વળી પાછા જમીની પાણીના સ્તર ઊંડા થતા જાય એ સમસ્યા તો ખરી જ. દેશના ગ્રામ્ય વિસ્તારોમાં ઉદ્ભવતી પાણીની આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા અને જમીની પાણીના સ્તર ઊંચા લાવવા આઝાદીના અમૃત વર્ષમાં કેન્દ્ર સરકારે અમૃત સરોવર પ્રોજેક્ટ" અમલમાં મૂક્યો. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનથી શરુ થયેલી આ પહેલ હેઠળ દેશના દરેક જિલ્લામાં ૭૫ તળાવો પસંદ કરીને તેને 'અમૃત સરોવર' તરીકે વિકસાવવા માટે તેમણે આહ્વાન કર્યું હતું.વડાપ્રધાનશ્રીએ કરેલા આહ્વાનને ગુજરાતના તમામ જિલ્લાઓએ ઝીલી લઈ મિશન મોડમાં કામગીરી શરુ કરી, જેના પરિણામે આજે ગુજરાતમાં ૬૫૦ કરતા પણ વધારે અમૃત સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું, અને અનેક અમૃત સરોવરોને વિકસાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. ગુજરાતનો અરવલ્લી જિલ્લો અમૃત સરોવરના નિર્માણમાં નોંધપાત્ર કામ કરી રહ્યો છે. અરવલ્લી જિલ્લાએ ૭૫ નહિ પણ ૮૦ અમૃત સરોવરો વિકસાવવાનું બીડું ઉપાડ્યું છે. સરાહનીય બાબત તો એ છે કે, ગત ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૨ના શુભ દિવસે અરવલ્લીના તૈયાર થઇ ગયેલા ૨૦ અમૃત સરોવર ઉપર ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો, જેની સંખ્યા હાલમાં વધીને ૨૭ સુધી પહોંચી છે, અને હજુ પણ ૫૩ સરોવરને વિકસાવવાનું કામ પ્રગતિમાં છે.આ મિશન હેઠળ, ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ સુધીમાં ૫૦ હજાર અમૃત સરોવર બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું, જે નિર્ધારિત સમય પહેલા પ્રાપ્ત કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૫૦૦૭૧ અમૃત સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું છે.મિશનના તમામ પાસાઓમાં "સંપૂર્ણ સરકારી" અભિગમ અને "જનભાગીદારી" એ કરેલા પ્રયત્નોનું પરિણામ છે કે ૫૦ હજાર અમૃત સરોવરોના નિર્માણનું લક્ષ્ય સમય પહેલા પ્રાપ્ત કરી શકાયું છે. જિલ્લા વહીવટીતંત્ર, પંચાયત રાજ અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, પંચાયતો, સ્વૈચ્છિક સંસ્થાઓ, વિવિધ સંસ્થાઓ અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જનભાગીદારીના સંકલિત પ્રયાસોથી ૧૦ મે, ૨૦૨૩ સુધીમાં અમૃત સરોવરોના નિર્માણ માટે લગભગ ૧,૦૫,૨૪૩ સ્થળોની ઓળખ કરવામાં આવી છે. જેમાંથી ૭૨,૨૯૭ સાઈટ પર કામ શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૫૦,૦૭૧ હજાર અમૃત તળાવો બનાવવામાં આવ્યા છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજના થકી અમારું આજે પાક્કું મકાન બન્યું છે અને પોતાની માલિકીનું સપનાનું ઘર બન્યું છે : મધુબેન ખાંટ (લાભાર્થી)

માહિતી કચેરી અરવલ્લી,

પોતાની માલિકીના ઘરનું સ્વપ્ન કોણ નથી જોતું? અને જો આ સપનુ પૂરૂ થઈ જાય તો તેનાથી વધુ ખુશીની વાત બીજી કોઈ ન હોય. ત્યારે આજે એ સ્વપ્ન સાકાર કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર અડીખમ રહી છે. ""અરવલ્લીના માલપુર તાલુકાના લાલપુર ગામના મધુબેન ખાંટનેં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભ થકી મકાન મળ્યું છે. મધુબેન જણાવે સરકારશ્રીના પીએમએવાય (ગ્રા) યોજનાના લાભ મળતા અમારુ વર્ષ ૨૦૨૧-૨૨માં પાકુ મકાન બનાવવામાં મદદ મળી છે. જેમાં અમને મકાન બાંધકામ માટે રૂપિયા ૧,૨૦,૦૦૦/- મકાનના બાંધકામ પુરુ થતા હપ્તા અનુસાર મળ્યા છે. સરકારશ્રીના લાભ દ્વારા અમે અમારા સપનાનું ઘર બાંધી શક્યા છીએ. મકાનમાં રસોડા, રૂમ, શૌચાલય, બાથરૂમ, આંગણું, હોલનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ



મારા જેવા અનેક બેઘર લોકોને ઘર મળ્યા છે. જેના માટે અમે સરકારશ્રીના જીવનભર આભારી રહીશું. અરવલ્લી જિલ્લામાં અનેક લોકોનું પ્રધાનમંત્રી આવાસ યોજના થકી તેના ઘરનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની યોજનાઓના સંકલન દ્વારા શૌચાલય, પાણી, વિજળી, રસ્તા વગેરે પ્રાથમિક સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવે છે.આ યોજના હેઠળ લાભાર્થી પરિવારને પ્રધાન મંત્રી આવાસ યોજનાના લાભની સાથે-સાથે વિજ કનેકશન, ઉજજવલા યોજના હેઠળ ગેસ કનેકશન,સ્વચ્છ ભારત મિશન યોજના હેઠળ શૌચાલય અને બાથરૂમ, આમ અન્ય સરકારી યોજનાના સાથે વિવિધ લાભો અને સહાય આપવાથી અરવલ્લી જિલ્લાના તમામ લાભાર્થીઓના જીવનધોરણ ઉપર લાવવામાં અને ખરા અર્થમા વંચિત પરિવારો માટે આ યોજનાઓ આશીર્વાદરૂપ સાબિત થયેલ છે.

# ગાંધીનગરનાં આર્થિક સહયોગથી કામ્યા ગોપલાણી લિખિત બે મૌલિક એકાંકી નાટકનું નાટ્ય મંચન થયું

કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ - ગાંધીનગરનાં આર્થિક સહયોગથી કામ્યા ગોપલાણી લિખિત બે નાટકોનું નાટ્ય મંચન સાજન ટ્રસ્ટ અને શિવમ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે ' સતરંગી રે...' - મૌલિક એકાંકી નાટ્ય સંગ્રહ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. વિમોચન પ્રસંગે 'સતરંગી રે...' મૌલિક એકાંકી નાટ્યસંગ્રહના જ બે નાટકો રાજકોટનાં શિવમ ફાઉન્ડેશન અને સાજન ટ્રસ્ટ દ્વારા, જ્યારે જાત કરતાં બીજા ઉપર વધુ વિશ્વાસ હોય ત્યારે પાંગરતા પ્રેમની પરાકાષ્ઠાની પરીક્ષા કરતું નાટક ' કથા એક વિશ્વાસની ' અને મનમાં ઉદભાવતા પ્રશ્નોને મૈત્રી કરારથી જવાબ મેળવવાનો અનોખો પ્રયાસ કરતું નાટક ' કૃષ્ણા ' ની ભજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કલાકારો ઈત્ત ધારા, વૃંદા નથવાણી, અમિત વાઘેલા, ભાવિતા જેઠવા, શૃંગાર રુઘાણી, મૈત્રી પીલોજપરા, અનિલ જગડ, હર્ષિત ચૌહાણ, શાહરુખ પઠાણ, ગુલામહુશેન આગવાન, વિવેક પંડ્યા, હિમાંશુ પાડલિયા, અનિલ જગડ, રમીઝ સાલાણી, મહેક માધાણી, રાકેશ કડિયા(સાંઈ આર્ટ), વિક્રમ ઠાકર, રાજવીર રાઠોડ, પ્રદીપ નિર્મળ, હર્ષિત ઢેબર, મેહુલ મેર, મોન્ટુભાઈ સહિતનાઓએ પોતાની વિવિધ કલાઓ એક્ટિંગ, સેટ, ડિઝાઈન, મેકઅપ, કોસ્ટ્યુમ, પ્રકાશ રચના, નેપથ્ય, મ્યુઝિક વગેરે પ્રદર્શિત કરી હતી. ' કથા એક વિશ્વાસની ' નાટકનું દિગ્દર્શન રાજકોટનાં શિવમ્ ફાઉન્ડેશનના ટ્રસ્ટી ગૌતમ દવે અને ' કૃષ્ણા ' નાટકનું દિગ્દર્શન સાજન ટ્રસ્ટનાં ટ્રસ્ટી ચેતન ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વરિષ્ઠ નાટ્યવિદ ભરત યાજ્ઞિક, નાટ્યકાર, કવિ અને સાહિત્યકાર શૈલેશ ટેવાણી, નાટ્ય લેખક અને અભિનેતા અરવિંદ રાવલ, ઉત્સવ ગ્રુપ, રાજકોટનાં દિનેશ વિરાણી, સૌરાષ્ટ્ર યુનવર્સિટીના પત્રકારત્વ ભવનના હેડ ડૉ. નિતાબેન ઉદાણી, જે.એચ. ભાલોડીયા વુમન્સ કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. નિલેશ કાનાણી, કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન, રાજકોટનાં પ્રમુખ મિત્તલ ખેતાણી, સિંધી સમાજના અગ્રણીઓ બાબા ટહેલિયારામ મંદિર સાહેબ, રાજકોટનાં ગાદીપતિ સાંઈ સુખદેવલાલજી, સિંધી સમાજ, રાજકોટનાં પ્રમુખ લીલારામભાઈ પોપટાણી, આજકાલ પ્રેસ રાજકોટનાં ધનરાજભાઈ જેઠાણી, સિંધી સમાજનાં અગ્રણી આત્મારામભાઈ બેલાણી, સિંધી સમાજ અગ્રણી તથા ઉધોગપતિ બ્રીજલાલ સોનવાણી, કોર્પોરેટર શ્રીમતી કુસુમબેન ટેકવાણી, ભાજપ અગ્રણી સુનિલભાઈ ટેકવાણી, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, ભારતીય સિંધુ સભા, મહિલા પાંખનાં શ્રીમતી અનીતાબેન ચાનગ્રાણી, શ્રી માત પિતા સ્મૃતિ ટ્રસ્ટ, રાજકોટનાં શ્રીમતી ગોરીબેન વિરાણી, દીક્ષેશ પાઠક, ફાઉન્ડર ઓફ વિશ્વેશ ઈન્સ્ટિટયૂટ ઑફ નેચરોપથી એન્ડ યોગ, વરિષ્ઠ પત્રકાર અને લેખક કિશોર ડોડીયાએ મુખ્ય મહેમાનો તરીકે હાજરી આપી હતી. કાર્યક્રમમાં વરિષ્ઠ નાટ્યવિદ ભરત યાજ્ઞિક દ્વારા આશિર્વચન આપતા જણાવ્યું હતું કે, 'અભિનેતા પરકાયા પ્રવેશ કરતો જ નથી એ તો સ્વકાયા પ્રવેશ કરે છે. પરકાયા પ્રવેશ તો લેખક કરે છે. અન્ય લેખન કરવા સહેલા છે નાટ્ય લેખન ખૂબ જ મુશ્કેલ છે.' નાટ્યકાર, કવિ અને સાહિત્યકાર શ્રી શૈલેશ ટેવાણીએ જણાવ્યું હતું કે, ' સર્જકે નાની નાની વાત કાનસની જેમ ઘસવી પડતી હોય છે. ગુજરાતીઓએ ભાષાને પ્રેમ કરતા શીખવો જોઈએ. મરાઠી અને બંગાળી લોકોએ ભાષાને પ્રેમ કર્યો છે.' સૌરાષ્ટ્ર યુનવર્સિટીના પત્રકારત્વ ભવનના હેડ ડૉ. નિતાબેન ઉદાણી અને ભાજપ અગ્રણી સુનિલભાઈ ટેકવાણીએ કામ્યા ગોપલાણી તેમજ સાજન ટ્રસ્ટનાં ટ્રસ્ટી ચેતન ટાંક અને શિવમ ફાઉન્ડેશન ટ્રસ્ટી ગૌતમ દવેને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે સાજન ટ્રસ્ટનાં ટ્રસ્ટી ચેતન ટાંક અને શિવમ ફાઉન્ડેશન ટ્રસ્ટી ગૌતમ દવેએ જહેમત ઉઠાવી હતી.

NEWS OF GANDHINAGAR_P-4

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.